અમદાવાદ, વડોદરા, હિંમતનગર અને ભુજ (કચ્છ)થી એકસાથે પ્રકાશીત થતુ એકમાત્ર દૈનિક

ગુજરાત પ્રવાહ

અમદાવાદ આવૃત્તિ

R.N.I. No. 66331/1997

GUJARAT PRAVAH DAILY - AHMEDABAD

● તંત્રી : હાર્દિક એમ. દેસાઈ ● વર્ષ : ૩૦ ● અંક : ૮૨ ● તા. ૧-૧૦-૨૦૨૫ બુધવાર ● પાના : ૮ ● કિંમત : રૂા.૫૦ પૈસા

● કાર્યાલય : ૪૩-સી, નંદીપાર્ક, નોબલ સ્કુલની પાસે, કૃષ્ણનગર, અમદાવાદ-૩૮૨૩૪૬ Email : hardik_bindu@yahoo.com

એક નજર...

સજાથી બચવા માટે ૧૭ મહિનાથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ચેક રિટર્નના કેસમાં વડોદરા કોર્ટે આરોપી વિકાસ ગોવિંદભાઈ જાદવ (રહે-ગાયત્રીનગર સોસાયટી, હરણી વારસિયા રીંગ રોડ)ને એક વર્ષની સાદી કેદ તથા ૩.૩૦ લાખના દંડની સજા કરી હતી. સજાથી બચવા માટે આરોપી નાસ્તો કરતો હતો જેની સામે વોરંટ ઈસ્યુ થયું હોય વારસિયા પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. તે દરમિયાન માહિતી મળી હતી તે વિકાસ જાદવ ગાયત્રી નગર સોસાયટીના નાકા પાસે ઉભો છે જેથી પોલીસે ત્યાં જઈને તપાસ કરતા વિકાસ જાદવ મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપીને પકડી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આરોપીને સજાની અમલવારી માટે જેલમાં મોકલી આપેલ છે ઉલ્લેખનીય છે કે આરોપી છેલ્લા ૧૭ મહિનાથી નાસ્તો કરતો હતો.

બિહારમાં ચૂંટણી પહેલા રાજકીય ઉથલપાથલ જોવાઈ

બિહાર,તા.૩૦

ભોજપુરી ગાયક-અભિનેતા પવન સિંહે બિહાર વિધાનસભા ચૂંટણી લડવા માટેનું પોતાનું નવું રાજકીય સ્થળ નક્કી કરીને તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રસપ્રદ બાબત એ છે કે, જે ઉપેન્દ્ર કુશવાહાની હાર માટે તેઓ એક વર્ષ પહેલાંની લોકસભા ચૂંટણીમાં જવાબદાર હતા, હવે પવન સિંહ તે જ નેતા સાથે સમાધાન કરવા અને સંબંધો સુધારવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આ માટે પવન સિંહ મંગળવારે દિલ્હીમાં કુશવાહાને મળવાના છે.

પવન સિંહ મંગળવારે સવારે ૧૦ વાગ્યે રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાને મળશે. આ બેઠક ઉપેન્દ્ર કુશવાહાના દિલ્હી સ્થિત નિવાસસ્થાને યોજાશે. એવું માનવામાં આવે છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં પવન સિંહ આરા બેઠક પરથી NDAના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરી શકે છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પવન સિંહે ઉપેન્દ્ર કુશવાહાની વિરુદ્ધ સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું હતું. પવન સિંહના મેદાનમાં ઉતરવાને કારણે ઉપેન્દ્ર કુશવાહા ચૂંટણી હારી ગયા હતા. હવે પવન સિંહ ફરીથી ઘર વાપસી (પાર્ટીમાં પરત) કરવા જઈ રહ્યા છે, પરંતુ તે પહેલાં કુશવાહા સાથેના પોતાના સંબંધો સુધારવામાં લાગી ગયા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, બીજેપી (BJP) ઈચ્છે છે કે પવન સિંહ વિધાનસભા ચૂંટણી પહેલાં પાર્ટીમાં પાછા ફરે, પરંતુ આમાં સૌથી મોટી મુશ્કેલી ઉપેન્દ્ર કુશવાહાના કારણે છે.

પવન સિંહે ઉપેન્દ્ર કુશવાહાની વિરુદ્ધ કારાકાટ બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી હતી. આ બેઠક પર ઉપેન્દ્ર કુશવાહા હારી ગયા હતા. પવન સિંહના સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાથી શાહાબાદના વિસ્તારમાં NDAને નુકસાન સહન કરવું પડ્યું હતું. હવે બીજેપી ઈચ્છે છે કે પવન સિંહ પરત ફરે તે પહેલાં ઉપેન્દ્ર કુશવાહા સાથે મુલાકાત કરીને પોતાના સંબંધો સુધારી લે, જેથી તેમની વાપસીનો માર્ગ મોકળો થઈ શકે.બિહાર વિધાનસભા ચૂંટણીની રાજકીય ગરમાગરમી સાથે જ પવન સિંહ પોતાનું રાજકીય ઠેકાણું શોધવામાં લાગી ગયા હતા. પવન સિંહ ૨૦૨૪ની ચૂંટણી પહેલાં 'ભાજપ (BJP)'માં જોડાયા હતા. ભાજપે તેમને બંગાળની આસનસોલ બેઠક પરથી ટિકિટ આપી હતી, પરંતુ બાદમાં પવન સિંહે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો હતો.

ત્યારબાદ પવન સિંહ બિહારની કારાકાટ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઉતર્યા હતા.

પવન સિંહને ભાજપમાં ફરીથી લાવવા માટે આરાના પૂર્વ સાંસદ આર.કે. સિંહ તરફદારી કરી રહ્યા છે, પરંતુ ભાજપ કુશવાહાને નારાજ કરવા માંગતી નથી. તેથી જ ભાજપ ઈચ્છે છે કે પહેલા પવન સિંહ ઉપેન્દ્ર કુશવાહા સાથે પોતાના સંબંધો સુધારી લે, જેથી તેમની વાપસીનો તેઓ વિરોધ ન કરે.

મંગળવારે પવન સિંહ ઔપચારિક રીતે આરએલએમ પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાને મળશે. માનવામાં આવી રહ્યું છે કે તેઓ ૨૦૨૫માં બિહારની આરા વિધાનસભા બેઠક પરથી પોતાનું નસીબ અજમાવવા મેદાનમાં ઉતરી શકે છે.

ઉપેન્દ્ર કુશવાહા સાથે સારી રીતે તાલમેલ બેસાડીને પવન સિંહ આરા વિધાનસભા બેઠક પરથી NDAની ટિકિટ પર ચૂંટણી લડી શકે છે. જોકે, આરા બેઠક પર હાલમાં ભાજપ (BJP)નો કબજો છે. ભાજપ માટે આ બેઠક સૌથી સલામત માનવામાં આવે છે. ૨૦૦૦થી ૨૦૨૦ સુધી ભાજપના અમરેન્દ્ર પ્રતાપ સિંહ આ બેઠક પરથી પાંચ ચૂંટણી જીતી ચૂક્યા છે.હવે NDAની ટિકિટ પર પવન સિંહ આરા બેઠક પરથી પોતાનું નસીબ અજમાવવાની તૈયારીમાં છે, જેના માટે તેઓ ઉપેન્દ્ર કુશવાહાને પોતાનો રાજકીય સહારો બનાવી રહ્યા છે. જોકે, ભાજપ શું પોતાના પાંચ વખતના ધારાસભ્યની ટિકિટ કાપીને પવન સિંહ પર દાવ લગાવશે? જોકે, આર.કે. સિંહ જે રીતે પવન સિંહ માટે લોબિંગ કરી રહ્યા છે, તેના કારણે તેમની દાવેદારી મજબૂત માનવામાં આવે છે.

આધાર કાર્ડમાં નામ અથવા સરનામું બદલવા જેવા સામાન્ય સુધારા માટે ૭૫ ફી લેવામાં આવશે

નવીદિલ્હી,તા.૩૦

જો તમે તમારા આધાર કાર્ડનું નામ, સરનામું અથવા ફોટો અપડેટ કરવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આધાર કાર્ડ અપડેટ સંબંધિત નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી અમલમાં આવશે અને તમારા આધાર કાર્ડમાં કોઈપણ ફેરફાર કરવો પહેલા કરતા વધુ ખર્ચાળ રહેશે.UIDAI અનુસાર, ૧ ઓક્ટોબરથી નામ અથવા સરનામું બદલવા જેવા સામાન્ય સુધારા માટે ૭૫ ફી લેવામાં આવશે. બાયોમેટ્રિક માહિતીઅપડેટ કરવા માટે ૧૨૫ ફી લેવામાં આવશે. બાળકો માટે બાયોમેટ્રિક અપડેટ માટે પણ ૧૨૫ ફી લેવામાં આવશે. જોકે, નવું આધાર કાર્ડ બનાવવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં અને તે પહેલાની જેમ ફ્રી રહેશે.UIDAI ના CEO ભુવનેશ્વર કુમારે જણાવ્યું હતું કે ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૦ વર્ષ જૂના આધાર કાર્ડ અપડેટ કરવું ફરજિયાત રહેશે. આનો અર્થ એ થયો કે જો તમે છેલ્લા દાયકામાં તમારા આધાર કાર્ડને અપડેટ કર્યું નથી, તો તમારે હવે દસ્તાવેજો સબમિટ કરવા પડશે અને ફી ચૂકવવી પડશે. આ નિયમ એક વધારાનો ખર્ચ હોઈ શકે છે, ખાસ કરીને ગ્રામીણ અને નાના શહેરોમાં રહેતા લોકો માટે.UIDAI એ ૫ થી ૭ અને ૧૫ થી ૧૭ વર્ષની વયના બાળકો અને કિશોરો માટે રાહત પૂરી પાડી છે. હવે, આ વય જૂથોમાં બાયોમેટ્રિક અપડેટ માટે કોઈ ફી રહેશે નહીં. પહેલાં ફી ૫૦ હતી. જોકે, આ અપડેટ તેમના માટે ફરજિયાત રહેશે. સમયસર અપડેટ કરવામાં નિષ્ફળતાના પરિણામે તેમનું આધાર કાર્ડ અમાન્ય થઈ શકે છે.૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ થી ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોના આધાર કાર્ડ પર પિતા અથવા પતિનું નામ દેખાશે નહીં. આ માહિતી ફક્ત UIDAI રેકોર્ડમાં જ રહેશે. વધુમાં, જન્મ તારીખ હવે જન્મ વર્ષ (દા.ત., ૧૯૯૦) દ્વારા બદલવામાં આવશે. કેર ઓફ (C/o) કોલમ પણ દૂર કરવામાં આવી છે.જાન્યુઆરી ૨૦૨૫ થી સરનામામાં ફેરફાર માટે ફક્ત બેંક સ્ટેટમેન્ટ અથવા યુટિલિટી બિલ (વીજળી, પાણી, ગેસ) માન્ય રહેશે. જોકે, નામ અથવા જન્મ તારીખમાં ફેરફાર માટે પાન કાર્ડ, મતદાર ID અથવા જન્મ પ્રમાણપત્રની જરૂર પડશે. ૧ ઓક્ટોબરથી, સમગ્ર અપડેટ પ્રક્રિયા ડિજિટલ હશે,

તંત્રીશ્રીની કલમે

નિફટી ફયુચર અતિ મહત્વની સપાટી..!!!

બીએસઈ સેન્સેક્સ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૦૬૨૩ સામે ૮૦૪૭૮ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૯૭૭૫ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યોપદિવસ દરમ્યાન સરેરાશ ૭૭૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૭૬૫ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯૮૫૭ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફ્ટી ફયુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફટી ફયુચર આગલા બંધ ૨૪૬૭૩ સામે ૨૪૬૬૯ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૪૪૧૩ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફયુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યોપસરેરાશ ૨૮૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફયુચર ૨૩૨ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪૪૪૧ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તોપ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ મામલે બેવડા ધોરણો અને ભારત પર ટેરિફ વધારીને ૫૦% કરવાનું જાહેર કરતાં વિશ્વભરમાં તેના આકરાં પ્રત્યાઘાત સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના ખેડૂતો સહિત પ્રજા હિતને જ પ્રાથમિકતા આપવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરતાં અને બીજી તરફ અમેરિકા અને રશીયા વચ્ચે મહત્વની મીટિંગ બાદ રશીયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનું નિરાકરણ આવવાની અપેક્ષા છતાં આજે સપ્તાહના અંતિમ કારોબારી દિવસે ભારતીય શેરબજાર નોંધપાત્ર ઘટાડા સાથે બંધ રહ્યું હતું.

રશિયા પાસેથી ક્રૂડની આયાત બદલ અનેક પ્રતિબંધો લાદવાની ધમકી સાથે ટ્રમ્પે અગાઉ ૧ ઓગસ્ટના રોજ ભારત પર ૨૫% ટેરિફ લાદ્યા બાદ વધુ ૨૫% ટેરિફ લાગુ કરવાની જાહેરાતના લીધે માર્કેટ સેન્ટિમેન્ટ ખરડાયું હતું.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિશ્વના ૯૦ કરતા વધુ દેશોના ગુડ્સ પર ૭ ઓગસ્ટથી ટેરિફ લાગુ કરાતા વિશ્વ વેપારમાં ઊભી થયેલી અનિશ્ચિતતાને પગલે ડોલર ઈન્ડેકસ નબળો પડતા રૂપિયાના મૂલ્યમાં વધારો થયો હતો, જયારે અમેરિકામાં સ્ટોક ઘટીને આવતા ક્રુડઓઈલના ભાવમાં ઘટાડો અટકી સ્થિરતા જોવા મળી હતી.

સેક્ટર મુવમેન્ટપ બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૫૬% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૦૩% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેકટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર રિયલ્ટી, ટેલિકોમ્યુનિકેશન, મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, કેપિટલ ગુડ્સ, કોમોડીટીઝ, ટેક, ઓટો અને ઈન્ડસ્ટ્રીયલ સેકટરલ નોંધપાત્ર ઘટ્યા હતા, જયારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ પણ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૧૭૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૫૦૬ અને વધનારની સંખ્યા ૧૫૨૩ રહી હતી, ૧૪૪ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૮ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૮ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એનટીપીસી ૧.૩૯%, ટાઈટન કંપની લિ. ૧.૩૩%, બજાજ ફિનસર્વ ૦.૨૮%, ટ્રેન્ટ લિ. ૦.૨૪% અને આઈટીસી ૦.૧૯% વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ભારતી એરટેલ ૩.૪૧%, ટાટા મોટર્સ ૨.૧૯%, કોટક બેંક ૨.૦૮%, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૦૧%, એકસિસ બેંક ૧.૮૨%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧.૬૫%, અદાણી પોર્ટ્સ ૧.૬૦%, એશિયન પેઈન્ટ્સ ૧.૨૩%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૮%, એચડીએફસી બેંક ૧.૧૨%, ટાટા સ્ટીલ ૧.૦૬% અને ઈન્ફોસિસ ૦.૯૭% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝડ સેન્સેક્સ, નિફટી ફયુચરમાં ઘટાડા સાથે મીડકેપ, સ્મોલકેપ શેરોમાં વેચવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૪.૫૮ લાખ કરોડ ઘટીને ૪૪૦.૫૭ લાખ કરોડ રહ્યું હતું. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૫ કંપનીઓ વધી અને ૨૫ કંપનીઓ ઘટી હતી.

બજારની ભાવિ દિશાપ.

મિત્રો, અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સામે કડક વલણ અપનાવતા સ્પષ્ટ જણાવ્યું છે કે, જ્યાં સુધી ટેરિફનો મુદ્દો ઉકેલાઈ નહીં ત્યાં સુધી કોઈ વેપાર ચર્ચા નહીં થાય. તેમનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે અમેરિકાની વેપાર વાટાઘાટોની ટીમ ટૂંક સમયમાં ભારત આવવાની છે. આ સ્પષ્ટ સંકેત છે કે અમેરિકા ભારત પર દરેક રીતે દબાણ વધારવા માંગે છે, જેથી ભારત અમેરિકાની શરતો સ્વીકારી લે. ટ્રમ્પ ઈચ્છે છે કે ભારત અમેરિકાના કૃષિ અને ડેરી ઉત્પાદનો પર લાગતા ઊંચા ટેરિફ ઘટાડે, જેથી આ ઉત્પાદનો ભારતના વિશાળ બજારમાં પ્રવેશ મેળવી શકે. પરંતુ ભારત આ ક્ષેત્રોને વ્યૂહાત્મક રીતે સંરક્ષિત રાખવા માગે છે. ઉપરાંત, ભારત રશિયાથી ક્રુડ ઓઈલ આયાત ઘટાડે અને તેના બદલે અમેરિકાથી વધુ ક્રુડ ઓઈલ ખરીદે, જ્યારે હાલમાં ભારતને રશિયાથી સસ્તું ક્રુડ ઓઈલ મળી રહ્યું છે.

ટ્રમ્પનો કડક અભિગમ માત્ર વેપાર સુધી મર્યાદિત નથી. વિશ્વભરમાં યુએસ ડૉલર પરની નિર્ભરતા ઘટતી જવાની પ્રવૃત્તિ પણ તેમની ચિંતાનું કારણ છે. ૧૯૪૪થી યુએસ ડૉલર વૈશ્વિક વેપાર માટે મુખ્ય ચલણ રહ્યું છે અને અંદાજે ૯૦% આંતરરાષ્ટ્રીય લેવડ-દેવડ ડૉલરમાં થાય છે. પરંતુ બ્રિક્સ દેશો ડૉલર પરની નિર્ભરતા ઘટાડવા પગલાં લઈ રહ્યા છે. બ્રિક્સ દેશો મળીને વિશ્વ અર્થતંત્રમાં ૩૫% યોગદાન આપે છે. જો આ દેશો ડૉલરનો વિરોધ કરશે, તો અમેરિકા તેની મહાસત્તા તરીકેની પદવી અને ડૉલરની વૈશ્વિક ચલણ તરીકેની સ્થિતિ ગુમાવી શકે છે – જે ટ્રમ્પ માટે મોટું રાજકીય અને આર્થિક પડકારરૂપ સાબિત થઈ શકે છે. જેથી આગામી દિવસોમાં દરેક ઉછાળે સાવચેતી જરૂરી બની રહેશે.

તા.૧૧.૦૮.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભેપ

● તા.૦૮.૦૮.૨૦૨૫ ના રોજ નિફટી ફયુચર બંધ ભાવ જ ૨૪૪૪૧ પોઈન્ટ :- આગામી સંભવિત નિફટી ફયુચર ૨૪૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૨૪૨૩૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડીંગ સંદર્ભે ૨૪૪૭૪ પોઈન્ટ થી ૨૪૫૭૦ પોઈન્ટ આસપાસ અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફયુચર ૨૪૬૦૬ પોઈન્ટ નજીક સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી જોઈએપ.!!!

હવે જોઈએ સ્ટોક સ્પેસિફિક રેન્જ મૂવમેન્ટ

● એસબીઆઈ લાઈફ (૧૮૪૪) :- લાઈફ ઈન્સ્યોરન્સ સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૦૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૮૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૬૩ થી રૂ.૧૮૭૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છેપ!! રૂ.૧૮૮૮ ઉપર તેજી તરફી ધ્યાનપ!!

● ઓબેરોય રિયલ્ટી (૧૫૭૫) :- છ /+૧ ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૫૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટપ!! રૂ.૧૫૦૮ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૫૯૦ થી રૂ.૧૬૦૬ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છેપ!!

વૈજ્ઞાનિક પરીક્ષણોમાં સાચી પુરવાર થતી ચૈતસિક ઉપચાર પદ્ધતિ-દૈવી ચિકિત્સા

ચૈતસિક ચિકિત્સા કે દૈવી ઉપચાર એ માત્ર શ્રદ્ધાનો વિષય નથી. આ અંગે અનેક વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનો થયા છે જે એ વાત સ્વીકારે છે કે વાસ્તવમાં આવી શક્તિ સંભવ છે. ફ્રાન્સના ડૉ. જુસ્ટા સ્મિથે આ વિષય પર ઊંડો અભ્યાસ અને પ્રયોગો કર્યા છે. તે ભૌતિક રસાયણ અને જૈવિક રસાયણના નિષ્ણાત છે અને બફેલો રોઝવેલ પાર્ક મેમોરયલ ઈન્સ્ટિટયૂટ સંસ્થાના શિક્ષણ શાળાના સહાયક ડિરેકટર છે. તેમની આ સંસ્થા અમેરિકામાં એક અગ્રગણ્ય ‘કેન્સર સંશોધન કેન્દ્ર‘ ગણાય છે. ડૉ. જુસ્ટા સ્મિથ સાધ્વી છે તેથી સિસ્ટર જુસ્ટા સ્મિથ તરીકે પણ ઓળખાય છે. ડૉ. જુસ્ટા સ્મિથ એમના સંશોધનોના આધારે કબુલ કરે છે કે કેવળ હસ્ત સ્પર્શ દ્વારા એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં શકિત સંક્રાન્ત કરવાનું આરોગ્ય ક્ષેત્રે શક્ય છે.૧૯૬૬માં મેકગિલ યુનિવર્સિટીના મોર્ફોલોજિસ્ટ ડૉ. બર્નાર્ડ ગ્રાડના એક વાર્તાલાપ પરથી તેમને આ વિશે વધુ સંશોધન કરવાની પ્રેરણા મળી હતી. એ વાર્તાલાપમાં ડૉ. બર્નાર્ડ ગ્રાડે પોતે પોતાની પ્રયોગશાળામાં કરેલા કેટલાક પ્રયોગોની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ૭૬ વર્ષની વયના એક હંગેરીઅન કર્નલ ઓસ્કર એસ્ટેબની પર તેમણે પ્રયોગો કર્યા હતા જે હસ્ત સ્પર્શ સારવારથી બીમાર વ્યક્તિમાં દૈવી - ચૈતસિક ઊર્જા પ્રવિષ્ટ કરી તેમને રોગમુક્ત કરી દેતા હતા. એસ્ટેબનીની આ ચિકિત્સાને ચકાસવા અને તેના રહસ્યનો તાગ મેળવવા ડૉ. ગ્રાડે ઉંદરો પર પ્રયોગો કર્યા. સર્વ પ્રથમ તેમણે તેમના સહાયકો સાથે રહીને ઉંદરોનો આયોડિનની ઉણપવાળો ખોરાક અને ઔષધો આપ્યા. આના પરિણામે એ ઉંદરોમાં થાયરોઈડ ગ્રંથિ વૃદ્ધિ પામી અને તેની તકલીફો શરૂ થઈ. એ પછી તેના ઉપચાર સંબંધે એ ઉંદરોના ત્રણ જૂથ પાડયા. એક જૂથ કન્ટ્રોલ જૂથ તરીકે રાખ્યું. બીજા જૂથને થોડા ગરમ વાતાવરણમાં રાખ્યું અને ત્રીજા જૂથને ઓસ્કર એસ્ટેબનીની દૈવી સારવાર ઉપલબ્ધ કરાવી. એસ્ટેબની કેવળ આ જૂથના ઉંદરો પર પોતાનો હાથ મૂકતા. પરિણામ આશ્ચર્યજનક આવ્યું. કેવળ ત્રીજા જૂથના ઉંદરોની થાયરોઈડ સમસ્યા દૂર થઈ ગઈ. આનું હકારાત્મક પરિણામ આવ્યું એટલે ડૉ. ગ્રાડે અન્ય પ્રયોગ કર્યો. આ પ્રયોગમાં એસ્ટેબનીએ એની દૈવી સારવારથી ઉંદરોની પીઠ પર પડેલા ઊંડા ઘાને રૂઝવવાના હતા. એસ્ટેબનીએ હસ્ત સ્પર્શ સારવારથી જ એ ઉંદરોના ઘા રૂઝવી દીધા. તે ઉપરાંત ડૉ. ગ્રાડે વનસ્પતિ પર પણ પ્રયોગો કર્યા. સૂર્યપ્રકાશ, ખાતર તથા સંવર્ધનની બધી બાબતો સમાન હોવા છતાં એસ્ટેબનીએ જેને પાણી સીંચ્યું હતું તથા તેના પર હાથ ધરી રાખ્યો હતો તે છોડવા વધારે જલદી ઉગ્યા હતા અને તેમનો સારો વિકાસ - વૃદ્ધિ થયા હતાં. આ પ્રયોગોને આધારે ડૉ. ગ્રાડે જણાવ્યું કે એસ્ટેબની જે પાણી પોતના હાથમાં પકડી રાખતા તેમના ગુણધર્મો બદલાઈ જતા. તે સામાન્ય પ્રકારનું પાણી નહોતું રહેતું પણ તેનામાં ઔષધીય ગુણધર્મો આવી જતા. પ્રયોગશાળામાં તે પાણીનું રાસાયણિક પૃથક્કરણ કરવામાં આવ્યું ત્યારે જોવામાં આવ્યું કે તેમાં અમુક ફેરફાર થઈ ગયા હતા. આમ તો તે ‘એચટુઓ- ઊર્જ લક્ષણવાળુ પાણી જ હતું પણ તેમાં જે પરિવર્તન આવ્યું તે એ હતું કે તેના ‘મોલિક્યુલ્સ‘ એકબીજા સાથે જોડાઈ ગયા હતા. બીજા એક પ્રયોગ દરમિયાન એસ્ટેબનીએ લગભગ અડધા કલાક સુધી પાણી ભરેલા સીલબંધ કાચના વાસણને હાથમાં પકડી રાખ્યું હતું. તે વાસણમાં જે પાણી ભરેલું હતું તે વધારે પડતા ક્ષારવાળું અને દુષિત હતું. સામાન્ય સંજોગોમાં તો તે પાણીથી વનસ્પતિ રુગ્ણ બની જાય. આ પ્રયોગમાં સમાંતર રીતે એસ્ટેબનીની ચકાસણી પછી બીજી વ્યક્તિએ એવું પાણી પીવડાવ્યું ૮

લંડનનાં કેટલાંક થિયેટરોમાં અનેક ભૂતોની હાજરી જોવા મળે છે!

એવાત સાંભળીને તમને આશ્ચર્ય થશે કે ઈંગ્લેન્ડમાં એવા ઘણા સિનેમાગૃહો છે જ્યાં ભૂત ભટકતા જોવામાં આવે છે! એમાંય ચાર સિનેમાગૃહો એવા છે જેમાં દર્શકો ફિલ્મ જોવા ઓછા અને ભૂત જોવા વધારે જાય છે. આ ભૂતિયા થિયેટરોના નામ છે કેલી થિયેટર, રોયલ થિયેટર, હાય માર્કેટ થિયેટર અને ઓલ્ડવિક થિયેટર.ઈંગ્લેન્ડના સોહો નગરની ડીન સ્ટ્રીટ પર ઈ.સ. ૧૮૪૦માં કુમારી ફેની કેલીએ એક થિયેટર અને નાટય પ્રશિક્ષણ શાળાની સ્થાપના કરી હતી અને તેને નામ આપ્યું હતું ‘કેલી થિયેટર એન્ડ ડ્રામેટિક સ્કુલ‘. ઈ.સ. ૧૮૮૨માં કેલીનું મૃત્યુ થયું હતું. તેને પોતાનું આ થિયેટર ખૂબ ગમતું હતું. એટલે મરણ બાદ પણ તે આ થિયેટરમાં પ્રેતાત્મા રૂપે અવારનવાર આવતી હતી. અનેક લોકોએ તેને નરી આંખે જોઈ હતી. નાટકનું રિહર્સલ ચાલતું હોય કે નાટક ભજવાતું હોય ત્યારે કેલી પણ પ્રેક્ષક બનીને તે નિહાળતી. કેટલાક કિસ્સામાં તો તે નવોદિત કલાકારોને અભિનકલા શીખવી પણ જતી. અભિનયને લગતા સૂચનો પણ આપી જતી. એ કલાકારોને પાછળથી ખબર પડતી કે એમને સૂચન આપનાર ટ્રેનર એની સંસ્થાપક ફેની કેલી હતી જે અત્યારે આ પૃથ્વી પર હયાત જ નથી! કેલીના મૃત્યુ પછી પચ્ચીસ વર્ષ સુધી તેનું ભૂત એ થિયેટરમાં ભટકતું જોવા મળ્યું હતું. એ પછી એના દેખાવાના પ્રસંગો પ્રમાણમાં ઓછા થઈ ગયા હતા. જો કે તે પોતાના થિયેટરનો મોહ બિલકુલ છોડી શકી નથી તેથી ક્યારેક ક્યારેક તો તેનું ભૂત તે થિયેટરમાં ભટકતું જોવા મળે છે.

રોયલ થિયેટરનો પ્રારંભ ઈ.સ. ૧૮૭૪માં હેરી જાકોનસે કર્યો હતો. ડૂરી લેનમાં આવેલું આ થિયેટર ભૂતિયા થિયેટર તરીકે ખૂબ જાણીતું છે કેમ કે આ થિયેટરમાં દરરોજ ત્રીજા શોમાં એક વૃદ્ધનું ભૂત આવે છે જે થિયેટરની બાલ્કનીમાં ફર્યા કરે છે. એટલું જ નહીં તે સીટો પાસે ચક્કર મારી ક્યારેક તો પ્રેક્ષકોની પાસે ખાલી ખુરશી પર બેસી પણ જાય છે. આ ભૂત લાંબો-પહોળો દેહ ધરાવે છે. તે ભૂરા રંગનો કોટ પહેરેલું હોય છે અને તેના માથે ત્રિકોણાકારની ટોપી હોય છે. તેનો દેખાવ અને પહેરવેશ જોતા એમ લાગે છે કે તે અઢારમી સદીની વ્યક્તિ હશે. આ વિશે સંશોધન કરનાર જોસેફ બ્રોડોક્સે તેના પુસ્તક ‘હાઉન્ટેડ હાઉસ‘માં લખ્યું છે કે આ ભૂત એ થિયેટરના ભૂતપૂર્વ કલાકારનું છે, જેનો અભિનય એટલો બધો પ્રભાવશાળી નહોતો. એનાથી અન્ય સાથી કલાકારો અને એના માલિક હેરી જાકોનસ એની અનાવડતને કારણે નાખુશ હતા. હેરી જાકોનસે તો એને નોકરીમાંથી બરતરફ કરી દેવાનો પણ નિશ્ચય કરી લીધો હતો. કોઈ મિત્ર થકી તેને આ વાતની જાણ થઈ ગઈ હતી. એટલે હતાશાનો ભોગ થઈ તેણે એ થિયેટરમાં કોઈ નાટક ભજવતી વખતે પોતાના અભિનય બાદ આત્મહત્યા કરી નાંખી હતી.

એ થિયેટરમાં એક સુંદર યુવાન સ્ત્રીનું ભૂત પણ જોવા મળે છે. એના વિશે તપાસ કરતા ‘ઈસ્ટકેન્ટ ટાઈમ્સ‘ના શ્રીમતી જે. લોબડાટે શોધી કાઢ્યું હતું કે તે ભૂત તે થિયેટરની ભૂતપૂર્વ મેનેજર કુમારી સારા યોર્નનુ છે. સારા તે થિયેટરમાં ૧૮૯૪ સુધી મેનેજર તરીકે કામ કરતી હતી. એક દુર્ઘટનામાં તે યુવાન વયે જ મરણ પામી હતી. ૧૯૧૮ પછી તેનું ભૂત તે થિયેટરમાં અનેક લોકોને વારંવાર જોવા મળ્યું હતું. એવું કહેવાય છે કે ૧૮૯૭માં આ થિયેટરના મુખ્ય દ્વાર પર વિલિયમ ટેરિસ નામના એક માણસની હત્યા ગોળીબારથી થઈ હતી. તેનું પણ ભૂત અહીં ભટકે છે. આ થિયેટરમાં સાતેક ભૂત ભટકતા જોવા મળ્યા છે. જોકે એમાંનું એકેય ભૂત ઉદ્દંડ, ખતરનાક કે હાનિકારક જોવા મળ્યું નથી. તે કોઈને હેરાન કરતા નથી.એમની હાજરીથી પ્રેક્ષકોની સંખ્યા ઘટતી નથી ઊલટું એમના લીધે પ્રેક્ષકોથી થિયેટરો ઊભરાય છે. કોઈ નાટક કે ફિલ્મ દરમિયાન આ ભૂતોની હાજરી બહુ જ ભાગ્યશાળી પુરવાર થાય છે. એનાથી ફિલ્મ જબરદસ્ત સફળતા મેળવે છે. આ ભૂતની ઉપસ્થિતિને કારણે જ ‘કિંગ એન્ડ આઈ‘, ‘સાઉથ સ્પેસીફિક‘ અને ‘માય ફેર લેડી‘ ભારે ‘હીટ‘ બન્યા હતા. ‘બુક ઓફ ફેક્ટસ એન્ડ રેકોર્ડસ‘માં જણાવાયું છે કે આ થિયેટરોમાં ભૂતની હાજરી પ્રમાણિત ઘટના તરીકે સ્વીકારવામાં આવે છે. એક રાતે સ્ટેન લૂપિનો નામના કલાકારે ડેન લીનો નામના મૃત્યુ પામેલા અન્ય કલાકારના ભૂત સાથે કલાકો સુધી વાતો કરી હતી.‘કિંગ એન્ડ આઈ‘ માટે ગાયિકાની પસંદગી કરવાનો ટેસ્ટ લેવાઈ રહ્યો હતો ત્યારે પણ એક અદ્ભુત ઘટના બની હતી. ડેરિન ડયુક નામની ગાયિકા આમાં સામેલ હતી. તે જ્યારે ટેસ્ટ આપવા ગઈ ત્યારે તેને એવો અનુભવ થયો કે જાણે કોઈએ તેનો હાથ પકડી લીધો. એ વ્યક્તિ દેખાતી નહોતી પણ તેનો સ્પર્શ અનુભવાતો હતો. તે તેનો હાથ પ્રેમપૂર્વક પકડી તેને સ્ટેજ સુધી લઈ ગયું હતું. એના પરિણામ રૂપે તે શ્રેષ્ઠ ગાયિકા જાહેર કરાઈ હતી અને નાટકના ગીતો ગાવા માટ તેને નિયુક્ત કરવામાં આવી હતી. ડોરિન કહે છે કે તે ટેસ્ટ આપવા ગઈ ત્યારે શરૂઆતમાં ખૂબ ‘નર્વસ‘ બની ગઈ હતી પણ પેલા સહાયકારી પ્રેમાળ સ્વભાવના ભૂતે તેને પ્રોત્સાહન આપ્યું તેથી તેનામાં આત્મ-વિશ્વાસ ઉદ્ભવ્યો હતો અને તેણે ભય છોડીને સરસ રીતે ગીતો ગાયા હતા. વિખ્યાત અભિનેત્રી બેટી જોન્સ જાણીતા નાટક ‘ઓક્લાહોમા‘માં રમૂજી ભૂમિકા ભજવતી હતી. હાસ્ય કલાકારની ભૂમિકા તેને માટે પડકાર રૂપ હતી. તે વખતે કોમેડિયન જો ગ્રિમાલ્ડીના ભૂતે તેને આગળ-પાછળ ધકેલી તથા તેની ગરદન અને શરીરને વાળી પ્રેક્ષકમાં હાસ્ય ઉપજાવ્યું હતું. આ ઘટના ઈ.સ. ૧૯૫૦માં બની હતી. શરૂઆતમાં બેટીને આવું કેમ થાય છે તેની ખબર પડી નહોતી પણ પાછળથી ખબર પડી હતી કે સ્ટેજ પર હાસ્ય નિપજાવવા તેને મદદ કરનાર એક ભૂત હતું!

લંડનના હાઈ-માર્કેટ થિયેટરમાં મોરિસ નામની વ્યક્તિનું ભૂત જોવા મળ્યું હતું. તે થિયેટરના પ્રબન્ધક તરીકે કામ કરતો હતો. કેટલાક એવું માને છે કે ત્યાં જોવા મળતું ભૂત જે. બી. બકસ્ટોમ નામના અભિનેતાનું છે, જેણે શેક્સપિયરના વિખ્યાત નાટક ‘મર્ચન્ટ ઓફ વેનિસ‘માં યાદગાર અભિનય કર્યો હતો. બકસ્ટોમનું ભૂત મોટેભાગે થિયેટરના ડ્રેસિંગ રૂમમાં જ આંટા મારતું જોવા મળે છે. તે હંમેશાં ઓગણીસમી સદીના વસ્ત્રો જ પહેરી રાખે છે. ૧૯૬૪માં એક અદ્ભુત ઘટના એવી બની હતી કે આ થિયેટરમાં એક નાટક સ્ટેજ પર ભજવાઈ રહ્યું હતું ત્યારે તે ભૂત સ્ટેજ પર પહોંચી ગયું હતું અને વિચિત્ર રીતે આંટા મારવા લાગ્યું હતું. જેને સેંકડો પ્રેક્ષકોએ નિહાળ્યું હતું.લંડનના ઓલ્ડવિક થિયેટરમાં અનેકવાર સેંકડો લોકોને વિશ્વપ્રસિદ્ધ નાટયકાર વિલિયમ શેક્સપીયરનું ભૂત સ્ટેજ પર આંટાફેરા કરતું જોવા મળ્યું છે. તે ઘણીવાર એના નાટકોના સંવાદો પણ કડકડાટ બોલી જતું હતું, જે સાંભળીને પ્રેક્ષકો આશ્ચર્યમાં ગરકાવ થઈ જતા હતા. થોડા સમય પૂર્વે કેનેડાના એડવિન મરવિશે આ થિયેટરનો જીર્ણોદ્ધાર કરી એને અર્વાચીન ઓપ આપી આધુનિક સગવડોવાળું બનાવ્યું એ પછી એકેવાર ત્યાં શેક્સપીયરનું ભૂત જોવા મળ્યું નથી. લાગે છે કે એને એ જુના થિયેટર સાથે જ વિશેષ લગાવ હશે એટલે એને તોડી નવું

કેટલાક અદ્ભુત ‘સંયોગો‘ કુદરતની લીલા અને સર્જનહારની ઈચ્છાથી જ સર્જાય છે!

કહેવત છે કે ભગવાન આપે છે ત્યારે છાપરું ફાડીને આપે છે. આનો અર્થ એવો થાય છે કે નસીબ સારું હોય તો ધાર્યું ના હોય ત્યાંથી ધન મળી જાય છે. એક પુસ્તકને લીધે કોઈ માલામાલ બની ગયું હોય તે કિસ્સો બહુ રસપ્રદ છે.કહેવત છે કે ભગવાન આપે છે ત્યારે છાપરું ફાડીને આપે છે. આનો અર્થ એવો થાય છે કે નસીબ સારું હોય તો ધાર્યું ના હોય ત્યાંથી ધન મળી જાય છે. એક પુસ્તકને લીધે કોઈ માલામાલ બની ગયું હોય તે કિસ્સો બહુ રસપ્રદ છે. અહીં આપણે એવા કોઈ લેખકની વાત નથી કરી રહ્યા જે પુસ્તકની રોયલ્ટીને લીધે ધનવાન બની ગયેલ હોય. અહીં તો એક ગરીબ વાચકને લગતી વાત છે, જેના પુસ્તકશોખને કારણે તે ધનવાન બની ગયો હતો.થોડા સમય પહેલાં એવું બન્યું કે ઈટાલીની રાજધાની રોમની એક લાઈબ્રેરીમાં જોસેફ નામનો એક વાચક પુસ્તક લેવા આવ્યો. તે લાઈબ્રેરીનો સભ્ય હતો અને અવારનવાર ત્યાંથી વાંચવા માટે પુસ્તક લઈ જતો. તે દિવસે કયું પુસ્તક લઈ જવું તે અંગે તે ઘોડામાં રાખેલા પુસ્તકોની તપાસ કરી રહ્યો હતો. તત્ત્વજ્ઞાનને લગતું એક જૂનું પુસ્તક તેના હાથમાં આવ્યું. તેણે જોયું તો ઘણા વર્ષોથી તેને વાંચવા માટે કોઈ લઈ ગયું નહોતું. તેના પર ધૂળના થર બાઝ્યા હતા. તેના મનમાં વિચાર આવ્યો કે મારે આ જૂનું પુસ્તક વાંચવા લઈ જવું જોઈએ. એના પરની ધૂળ ખંખેરી તે એને પોતાના કાર્ડ પર ઈસ્યુ કરાવવા લાઈબ્રેરીઅન પાસે લઈ ગયો. લાઈબ્રેરીઅને તે ઈસ્યુ કરી આપ્યું અને કઈ તારીખે પરત કરવું તેનો સિક્કો મારી આપ્યો.ઘેર જઈને જોસેફ પુસ્તક વાંચવા બેઠો. દરમિયાન એને લાગ્યું કે એ દળદાર પુસ્તકના પાના વચ્ચે કોઈ કાગળ મૂકાયેલો છે. તેણે એ કાગળ ત્યાંથી લઈ લીધો અને એમાં શું લખાયેલું છે તે જોવા સહજ જિજ્ઞાસા થઈ. તેણે વાંચ્યું તો તેમાં લખેલું હતુ - ‘આ કાગળ જેને મળે તેણે તે લઈને રોમની કોર્ટમાં હાજર થવું.‘ પહેલાં તો તેને થયું કે આ કાગળ કોઈએ વાંચતાં વાંચતાં કેટલે સુધી વાંચ્યું તે યાદ રાખવા ‘માર્કર‘ તરીકે મૂક્યો હશે. પણ એવું હોય તો કોઈ કાગળ પર આવું લખાણ ન કરે. કોઈ અગમ્ય પ્રેરણાએ તેને તેનો અમલ કરવા દોર્યો.

તે પેલો કાગળ લઈને રોમની કોર્ટમાં હાજર થયો અને તત્કાલીન મેજિસ્ટ્રેટને આ કાગળ અને તેના લખાણની વાત કહી તે કાગળ બતાવ્યો. કાગળ વાંચી લીધા પછી જજના મુખ પર સ્મિત પ્રગટ થયું અને તેમણે કહ્યું - ‘જોસેફ, તું ખરેખર ભાગ્યશાળી છે. તારા વાંચવાના શોખે તને અત્યંત ધનવાન બનાવી દીધો છે!‘

તેમણે પોતાના સંદર્ભ પત્રોમાંથી એક પત્ર કાઢ્યો અને તેનું પરબીડિયું કાઢીને પત્ર વાંચ્યો. તેમાં લખ્યું હતું - ‘મેં મારા મરણ પૂર્વે મારી સંપત્તિનું વસીયતનામું એક કાગળ પર લખીને રોમની એક લાઈબ્રેરીના એક પુસ્તકમાં તેના પૃષ્ઠ વચ્ચે મૂક્યું છે. મારે કોઈ વારસદાર નથી. જે સાચો પુસ્તકપ્રેમી હોય એને હું મારો વારસદાર સમજું છું. તત્ત્વજ્ઞાનનું એ પુસ્તક શાંતિથી વાંચવા લે એને જ એ કાગળ હાથમાં આવશે. એ કાગળ લઈને જે અહીં આવે તેને મારી કરોડો ડોલરની સંપત્તિ આપવી.‘ આમ પુસ્તકના શોખને લીધે જોસેફને કરોડો ડોલર પ્રાપ્ત થયા. ભાગ્યવશાત્ સંયોગથી સેંકડો-હજારો પુસ્તકોમાંથી જોસેફના હાથમાં એ જ પુસ્તક આવ્યું એ વાત પણ ઓછી મહત્ત્વની નથી!

દરભંગાની બે મહિલા વૈદ્યનાથ ધામ - ભગવાન રાવણેશ્વર નામના શિવમંદિરે જળ ચડાવવા ગઈ. તેમાં એક મહિલા માતા હતી અને બીજી તેની પુત્રી. સુલતાન ગંજથી જળ લઈને બન્નેએ યાત્રાનો પ્રારંભ કર્યો. લગભગ દસેક કિલોમીટર આગળ ગયા હશે ત્યાં એ મહિલાની પુત્રીની તબીયત બગડી અને તેને ચક્કર આવવા લાગ્યા. સડકના કિનારે આવેલા એક મકાન પાસે જઈને તેમણે તેમાં રહેતી એક સ્ત્રીને ત્યાં થોડીવાર આશરો આપવા વિનંતી કરી. જ્યારે તે મકાનમાલિક સ્ત્રીએ જોયું કે એ મહિલાની પુત્રી બીમાર છે એટલે તેણે તરત જ માનવતાવાદી વલણ દાખવીને તેમને ઘરમાં બેસાડયા અને પોતાના વિસ્તારના જાણીતા ડૉક્ટરને ફોન કર્યો. તે ડૉક્ટર તેના કંપાઉન્ડર સાથે થોડી મિનિટોમાં જ ત્યાં પહોંચી ગયો. બીમાર યુવતી અને કંપાઉન્ડર એકમેકની સામે આવ્યા ત્યારે બન્ને એકબીજાને ફાટી આંખે જોઈ રહ્યા. એ કંપાઉન્ડર તે બીમાર સ્ત્રીનો પતિ હતો જે પાંચ વર્ષ પહેલાં તેને છોડીને બીજી કોઈ છોકરી સાથે લગ્ન કરીને ભાગી ગયો હતો! સંયોગવશાત્ તે જેની સાથે ભાગી ગયો હતો અને પોતાના પહેલી વખતના લગ્નની વાત છૂપાવીને બીજી વાર લગ્ન કરી દીધા હતા તે યુવતી ગંભીર બીમારીને કારણે ચક્કર આવતા ફસડાઈ પડીને થોડા દિવસ પહેલાં જ મરણ પામી હતી! કેવા વિચિત્ર સંયોગો હતા કે એક બીમારીએ એની બીજી વારની પત્નીને એનાથી દૂર કરી દીધી હતી અને એક બીમારીએ એની પહેલી વારની પત્નીને એની પાસે લાવી દીધી હતી!

PRINTER, PUBLISER, OWNER : HARDIK M. DESAI, Printed at Bhawani Offset, Bhatiya wadi, Opp. Kalupur Rly Station, Kalupur, Ahmedabad-2
PUBLISHED FROM :- C/43, NANDI PARK, NEAR NOBLE SCHOOL BEHIND, KRISHNANAGAR, AHMEDABAD-382346 EDITOR : HARDIK M. DESAI

નમાઝ દરમિયાન શાળા ધરાશાયી થતાં ૬૫ વિદ્યાર્થીઓ દટાયા

ઈન્ડોનેશિયા,તા.૩૦

ઈન્ડોનેશિયામાં એક ઈસ્લામિક સ્કૂલની ઈમારત ધરાશાયી થઈ ગઈ છે. છૈંના રિપોર્ટ મુજબ, કાટમાળ નીચે ઓછામાં ઓછા ૬૫ વિદ્યાર્થીઓ દટાયેલા હોવાની આશંકા છે.

અધિકારીઓએ જણાવ્યું કે, આ નિર્માણાધીન ઈમારત ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ સોમવારના રોજ જ્યારે ડઝનબંધ વિદ્યાર્થીઓ નમાઝ પઢી રહ્યા હતા, ત્યારે તેમના પર તૂટી પડી. આ દુર્ઘટનામાં એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું, ડઝનબંધ ઘાયલ થયા અને ઘણા વિદ્યાર્થીઓ કાટમાળમાં ફસાયા છે. આ વિદ્યાર્થીઓની ઉંમર મોટે ભાગે ૧૨ થી ૧૭ વર્ષની વચ્ચે હોવાનું કહેવાય છે.

ઈમારત તૂટી પડ્યા બાદ તરત જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો. વાલીઓ અને સગાં-સંબંધીઓ તેમના બાળકોની સલામતીની દુઆઓ કરવા માટે સ્કૂલ કેમ્પસ અને હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

નોંધનીય છે કે, કમાન્ડ પોસ્ટ પર લગાવેલા નોટિસ બોર્ડ મુજબ ૬૫ જેટલા વિદ્યાર્થીઓ હજુ પણ લાપતા છે. પોતાના સંતાનનું નામ ગુમ થયેલાની યાદીમાં જોઈને અનેક વાલીઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા

બચાવકર્મીઓ, પોલીસ અને સૈનિકોએ રાતભર રાહત અભિયાન ચલાવીને અત્યાર સુધીમાં ૮ ઘાયલ વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા છે. રેસ્ક્યૂ ટીમ દટાયેલા વિદ્યાર્થીઓ જીવિત રહી શકે તે માટે તેમના સુધી ઓક્સિજન સિલિન્ડર અને પાણીની બોટલો પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે.

જોકે, આ બચાવ કામગીરી અત્યંત મુશ્કેલ છે, કારણ કે કોંક્રિટના ભારે સ્લેબ અને ઈમારતનો તૂટી ગયેલો અસ્થિર ભાગ કોઈ પણ સમયે ફરીથી ધરાશાયી થઈ શકે છે. આ કારણે જ ભારે મશીનોનો ઉપયોગ ઓછો કરવામાં આવ્યો છે. સર્ચ અને રેસ્ક્યૂ અધિકારીએ સમજાવ્યું કે, 'અમે મશીન વાપરવામાં અચકાઈએ છીએ, કારણ કે તેનાથી વધુ પડતું ધોવાણ થઈ શકે છે અને વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મુકાઈ શકે છે.'આ દુર્ઘટના બાદ વિદ્યાર્થીઓના પરિવારો સ્કૂલ પરિસરમાં અને હોસ્પિટલોમાં આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એક માતાએ રડતાં રડતાં કહ્યું કે, 'હે ભગવાન, મારો દીકરો હજી પણ દટાયેલો છે, કૃપા કરીને મદદ કરો.'

ઘટના બાદ સ્થાનિક પ્રશાસને તપાસના આદેશ આપ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ-ઈઝરાયલ યુદ્ધને રોકવા માટે બનાવી યોજના

નવીદિલ્હી,તા.૩૦

ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ-ઈઝરાયલ સંઘર્ષને ઉકેલવા માટે ગાઝા શાંતિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. જેને લઈનેઁસ મોદીએ પણ ટ્રમ્પની આ યોજનાને પણ સમર્થન આપ્યું છે. જાણો શું છે આ યોજના હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે સમાપ્ત થવાના આરે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિ લાવવા માટે શાંતિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના પર વિશ્વભરમાંથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. આ દરમિયાન, ઁસ મોદીએ પણ ટ્રમ્પની ગાઝા યોજનાને જાહેરમાં સમર્થન આપ્યું છે.

મોદીએ ટ્રમ્પના પગલાનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે, ભારત તેમને સંપૂર્ણ સમર્થન આપે છે અને ટ્રમ્પની પહેલમાં બધા એક થશે. જણાવી દઈએ કે, આ અગાઉ, આઠ દેશોએ પણ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાને ટેકો આપ્યો છે.

ઁસ મોદીએ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, ×અમે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે એક વ્યાપક યોજનાની જાહેરાતનું સ્વાગત કરીએ છીએ. તે પેલેસ્ટિનિયન અને ઈઝરાયલી લોકો તેમજ વ્યાપક પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર માટે લાંબા ગાળાની અને ટકાઉ શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે એક વ્યવહારુ માર્ગ પ્રદાન કરે છે. અમને આશા છે કે, સંબંધિત તમામ પક્ષો રાષ્ટ્રપતિ ટ્રમ્પની પહેલમાં એક થશે અને સંઘર્ષનો અંત લાવવા અને શાંતિ સુનિશ્ચિત કરવાના આ પ્રયાસને સમર્થન આપશે.

ભારતની સાથે, ઘણા મુસ્લિમ દેશોએ પણ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાનું સ્વાગત કર્યુ છે. કતાર, જોર્ડન, યુએઈ, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, તુર્કી, સાઉદી અરેબિયા અને ઈજિપ્તના વિદેશ પ્રધાનોએ ગાઝા યુદ્ધને સમાપ્ત કરવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રયાસોનું સ્વાગત કરતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે.

જણાવી દઈએ કે, ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ૨૦-મુદ્દાની ગાઝા યોજના તૈયાર કરી છે. આ યોજના હેઠળ, તે સ્પષ્ટ છે કે, બધા બંધકોને ૭૨ કલાકની અંદર મુક્ત કરવામાં આવશે અને ગાઝામાં એક કામચલાઉ સરકાર પુનઃસ્થાપિત કરવામાં આવશે. ઈઝરાયલનો ગાઝા પર નિયંત્રણ રહેશે નહીં.

ડોનાલ્ડ ટ્રમ્પ પોતે ગાઝા માટે શાંતિ બોર્ડના અધ્યક્ષ રહેશે. ઈઝરાયલ આ માટે સંમત છે અને હમાસની સંમતિની રાહ જોઈ રહ્યું છે. જો હમાસ ગાઝા યોજના સાથે સંમત ન થાય, તો અમેરિકા હમાસને ખતમ કરવામાં ઈઝરાયલને સંપૂર્ણ સમર્થન આપશે.

ભારતમાં પ્રથમ સ્વદેશી એઆઈ ચિપનું નિર્માણ

હૈદરાબાદ,તા.૩૦

હૈદરાબાદમાં આયોજિત ટી ચિપ સેમિકોન કોન્સ્ટિટ્યુશનલ સમિટમાં ભારતની પ્રથમ એઆઈ ચિપ જોવા મળી હતી. આ ચિપ સંપૂર્ણ રીતે ભારતીય ટેકનિકથી બનાવવામાં આવી છે. આ સિદ્ધિને એટલા માટે મોટી ગણવામાં આવી રહી છે કારણકે તે ભારતના સેમિકન્ડકટર ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટું પગલું છે. આ ચિપ તેલંગણામાં તૈયાર કરવામાં આવી છે. હૈદરાબાદની આઈઆઈટીથી આવેલ ઈનોવેટર દિનેશે જણાવ્યું હતુ કે, ચિપ એઆઈને ઝડપથી પ્રોસેસ કરવા અને સુરક્ષિત રાખવામાં સક્ષમ છે. આ ચિપને બનાવવામાં ૧૦થી પણ ઓછા લોકોની એક નાની ટીમે કામ કર્યુ છે. છેલ્લા કેટલાક સમયથી ભારતના પાડોશી દેશ ચીને ચિપ માટે પોતાને મજબૂત કર્યુ છે. ભારત પણ આ દિશામાં આગળ વધી શકે છે. દિનેશનું માનવું છે કે

આ ચિપ દ્વારા ભારતમાં સ્ટાર્ટઅપ અને શિક્ષણ સંસ્થાઓને સસ્તા ભાવે એઆઈ હાર્ડવેર મળી શકશે. તેમણે જણાવ્યું હતું કે એનવીડિયા અથવા ઈન્ટેલ જેવા હાર્ડવેર ખૂબ જ મોંઘા છે. જેના કારણે અમારા નાણાં વિદેશમાં જાય છે. આપણે આપણું પોતાનું સસ્તું અને સારું હાર્ડવેર બનાવી આત્મનિર્ભર બની શકીએ છીએ. આ ચિપ ખર્ચમાં ઘટાડો કરશે અને ભારતને ટેકનિકલ ક્ષેત્રમાં મજબૂત બનાવશે.

હૈદરાબાદમાં આયોજિત ટી-ચિપ સેમિકોન કન્સ્ટીટયુશન સમિટના અંતે તેલંગણાના આઈટી પ્રધાન શ્રીધર બાબુ દુદિલ્લાએ જણાવ્યું હતું કે યુવાનોમાં ટેલેન્ટ હોવાથી અહીં સેમિકન્ડકટર ઈન્ડસ્ટ્રીનું મોટા પાયે વિકાસની સંભાવના છે. હવે મોટા પાયે ચિપના મેન્યુફેકચરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રાજસ્થાનના નાગોરમાં મળ્યો લિથિયમનો ભંડાર

રાજસ્થાન,તા.૩૦

રાજસ્થાનના નાગૌર જિલ્લાના કારણે હવે દેશની ચીન પર બેટરી આયાત પર નિર્ભરતા દૂર થશે. હવે મોબાઈલ, લેપટોપ, ઈલેક્ટ્રિક વાહનો અને રિચાર્જેબલ બેટરીનું ઉત્પાદન આપણા દેશમાં જ થશે. બેટરી બનાવવા માટે વપરાતાં લિથિયમનો ભંડાર હવે રાજસ્થાનમાં ઉપલબ્ધ થશે. જેના લીધે ઉદ્યોગોના વિકાસને વેગ મળશે. આ લિથિયમના ભંડારના કારણે રાજસ્થાનની આવકમાં પણ વધારો થશે, તેમજ રોજગારીની નવી તકોનું સર્જન કરશે.

વ્હાઈટ ગોલ્ડ નામથી લોકપ્રિય લિથિયમનો મોટો ભંડાર નાગૌર જિલ્લામાંથી મળી આવ્યો છે. નાગૌર જિલ્લાના ડેગાના ક્ષેત્રમાંથી લિથિયમનો વિપુલ જથ્થો મળ્યો છે. જેના લીધે હવે ચીનમાંથી આયાત થતાં લિથિયમમાં ઘટાડો થશે. અંદાજ છે કે, નાગૌરના રેવંત પર્વતોમાંથી ૧૪ મિલિયન ટન લિથિયમનો ભંડાર મળી આવ્યો છે. આ પ્રદેશની આવક અને રોજગારીની તકોમાં વૃદ્ધિ થશે. લિથિયમનો ઉપયોગ મોબાઈલ, લેપટોપ, ઈ-વાહનો અને રિચાર્જેબલ બેટરી બનાવવા માટે થાય છે.

ડેગાના ક્ષેત્રમાંથી મળી આવેલો લિથિયમનો ખજાનો રાજસ્થાન માટે અત્યંત મહત્ત્વનો સાબિત થશે. અહીંના પર્વતોમાં આશરે ૧૪ મિલિયન ટન લિથિયમ હોવાની સંભાવના છે. વર્તમાનમાં ભારત લિથિયમ માટે ચીન પર નિર્ભર છે. ચીનમાંથી ૭૦થી ૮૦ ટકા લિથિયમ આયાત થાય છે. એવામાં લિથિયમના આ મોટા ખજાનાથી દેશમાં મોટી ક્રાંતિ આવશે. કેન્દ્રીય ખનન મંત્રાલયમાં લિથિયમના ખાણકામ માટે હરાજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. હરાજી પ્રક્રિયાના દસ્તાવેજો જમા કરવાની અંતિમ તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ નિર્ધારિત કરવામાં આવી છે. ત્યારબાદ તેની હરાજી બોલાશે.

લિથિયમનું સિમ્બોલ ે છે. તે અત્યંત પ્રતિક્રિયાશીલ છે.

ભારત દેશ : ચ્હાનો શોખીન !!!

ચાના ઉત્પાદનમા ભારતનો ત્રીજો નંબર છે પરંતુ ભારતની પ્રજા ચા પીવામાં નંબર વન છે. જો કે ભારતની જન સંખ્યાને જોતા ચાનો વપરાશ કેટલો છે તો આપણો દેશ વિશ્વમાં ૫૩મો ક્રમ ધરાવે છે.બીજી રીતે જોઈએ તો વ્યકિતદીઠ ચાની વપરાશ પ્રતિ વર્ષ આશરે ૭૫૦ ગ્રામ જેટલો છે. નેશનલ ટી બોર્ડે જાહેર કર્યુ છે કે આવતા પાંચ વર્ષમાં ચાની વપરાશ આ ગણતરીથી દોઢગણી થઈ જશે. દિવસે દિવસે ચાનો વપરાશ વધતો જાય છે ઉત્પાદન ઓછુ થતુ નથી. ચાના ઉત્પાદનામા ભલે ત્રીજો નંબર આવતો હોય પરંતુ ચાના બંધાણી તરીકે તો આપણા દેશનો પહેલો નંબર આવે છે. દરેક ઘરમા સવારે અને બપોરે બંને સમયે ચા પીવામા આવે છે. આ સિવાય બજારમા અનેક જગ્યાએ ચાની લારીઓ અને દુકાનો હોય છે. તેમની કમાણી પણ ધૂમ થતી હોય છે. કેટલાક લોકો ઘરેથી ચા પીને નીકળ્યા હોય છતાં પણ લારીના ચાનો સ્વાદ માણવાનુ ભૂલતા નથી. ચાની લારી અને દુકાનોને કારણે ૪૬ લાખ લોકોને રોજગારી મળે છે. એવુ કહેવાય છે કે ચાને પીણા તરીકે લત લગાડનારી ઈસ્ટ ઈન્ડિયા કંપની હતી.ભારતમાં ચાનુ પ્રસારણ કરનાર આજના બર્માના સિંગ્યો અને ખામ્તી જાતીના આદિવાસીઓ હતા. આ લોકો તેમને ત્યાં દાતણ પણ ચાના છોડની ડાળીનુ કરતા હતા.તેના પાદંડા ચાવતા. તેમના લગ્ન ગીતોમા પણ ચાનો મહિમા ગાવામા આવતો હતો. ભારતમા મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત વ્યાપક ચા પીવાય છે.પરંતુ દક્ષિણના રાજયોમાં ચાનુ વળગણ એટલુ બધુ નથી. ચાનુ સૌ પ્રથમ ઉત્પાદન ચીન દેશમા થયુ હતુ. ઈ.સ પૂર્વે ત્રીજી સદીમાં ત્યારે તેનુ નામ તુ હતુ પછી ટુ થયુ.જાબુંડિયા રંગના ફૂલો ધરાવતી વનસ્પતિના વાવેતરને એ લોકો ટુ નામે ઓળખતા હતા.ત્યાર પછી તેનુ નામ ટી પડયુ. એ વખતે ટી પીણાં તરીકે વપરાતી ન હતી પરંતુ ઔષધ તરીકે તેનો ઉપયોગ થતો હતો. ઈ.સ ૬૧૮થી ૯૦૬ સમય દરમ્યાન ચીનના તાંગ રાજાઓના શાસન વખતે ટીનો ઊકળતા પાણીમાં નાંખીને પીવાનુ શરૂ કર્યુ.આ પછી ખેડૂતો તેની ખેતી કરતા થયા હતા. તે સમયે માત્ર ચાના પાંદડા જ ઉકાળીને પીવાતા હતા. તે સમયે ચાના પાંદડાને પાઉંની ભઠ્ઠીમા નાંખીને શકેવામા આવતા પછી તેની ભૂકી બનાવીને ઉકળતા પાણીમાં નાખી પીવાતી. આ રીતે પણ આ ભૂકીને પીવાતી હતી તે સમય હતો ૧૩૬૮ની સાલનો.આ પછી ચીનના લોકોએ ભૂકી અને સુગંધિત ભૂકી એમ બે રીતે ચા બનાવવાનુ શરૂ ક્યુ હતુ.

ત્યાર પછી ચીનના બૌદ્ધ ધર્મીના લોકો ચીનમાંથી ભારત આવ્યા ત્યારે તેમની સાથે તે ચાના છોડ લઈને આવ્યા હતા. તે છોડ તેમણે પોતાના મઠની આજુબાજુ રોપ્યા હતા. પાંચ વર્ષ પછી તે છોડમાંથી બનાવેલ પીણું જાપાનના રાજાને પીવડાવામા આવ્યુ હતુ. આ પીણું પીને જાપાનના રાજા ખુશ થઈ ગયા અને તેમણે આ છોડ વિશે જાણકારી મેળવી હતી. ત્યાર પછી જાપાનના રાજાએ આ છોડની ખેતી કરવાનું એલાન કર્યુ હતુ. ત્યારથી ચાના ખેતરો બનાવ લાગ્યા હતા. યુરોપમા ૧૭મી સદીમા શરૂઆતમાં પોટુગલો અને ડચ લોકોએચાની ઓળખાણ ઈગ્લેન્ડને આપી હતી.૧૬૧૮માં રશિયાના ઝારને ચીને ચાની ભેટ મોકલી હતી.એટલે ચીન સાથે રશિયાએ ચાના વેપાર કરવાનો કરાર કર્યો હતો.ત્યાર પછી આસામ અને બીજા ઉત્તરીય રાજયોમા ચાની ખેતી યોગ્ય રીતે થતી હતી.ચીન આપણો પાડોશી દેશ હોવા છતાં પણ ભારતમા લાંબા સમય પછી ચાનુ આગમન થયુ હતુ. આપણી પહેલા અનેક દેશોમા ચાની ખેતી થવા લાગી હતી. અત્યારે તો આપણે ત્યાં આસામમાં ખૂબ ચા થાય છે અને ચાની નિકાસ પણ કરવામા આવે છે. જેમ જેમ ચાનુ ઉત્પાદન વધે છે તેમ તેમ તેનો વપરાશ પણ વધતો જાય છે. અત્યારે ચાના છોડને નર્સરીમા રોપવામા આવે છે. આસામમા ચાન છોડના બગીચા છે.ચાનો છોડ ૧૫ સેન્ટિમીટર ઊંચો વધે છે.આ છોડવાનુ ફરીથી વાવેતર કરવામા આવે છે.જે દોઢ મીટર સુધી ઊંચો વધે છે તેને ફરીથી રોપી શકાય છે. છોડ ૩૦ સેમી જેટલો વધે છે.જેમાંના પાંદડા ચૂંટવામા આવે છે.આ લીલી ચા કહેવામાં આવે છે. લીલી ચા પીતા લોકો ઓછા છે.

ચા પીનારા વધી ગયા તેમ તેમ ચાની જાતો પણ બનવા લાગી છે. ભૂકીથી શરૂ થેયેલી ચા અત્યારે કાળા દાણા સ્વરૂપે મળે છે. તેમાં પણ વિવિધ ફલેવર ઉમરેવા લાગ્યા અને અલગ અલગ નામ આપવામા આવ્યા છે. વાઘ બકરી ચા, પંકજ ની ચા વેગેર નામથી ચા મળવા લાગી છે. ચામાં પણ અત્યારે ભેળસેળ કરવામા આવે છે.આજે કેટલાક લોકો દૂધ વગરની બ્લકે ટી પીવે છે.તો કેટલાક ને દૂધની ચા ભાવતી હોય છે અલગ અલગ વ્યકિતઓની પસંદ પ્રમાણે અત્યારે ચા બનાવામા આવે છે.વિશ્વમાં દરેક સ્થળે ચા બનાવવાની જુદી જુદી રીતો હોય છે. યુરોપમાં બ્રિટિશરો ચાને પાંચ મિનિટ પાણીમાં પલાળીને તેમાં દુધ કે ખાંડ ઉમેરે છે.જર્મન અને ફ્રેન્ચ લોકો કાળી ચા પીવાનુ પસંદ કરે છે.

કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી

ઘણી વખત પ્રશ્ન થતો હોય છે કે કૂતરાની પૂંછડી વાંકી કેમ છે અને તે પરથી તો કેહવત પણ છે તો એવું શુ બન્યું કે કૂતરાની પૂંછડી વાંકી થઈ ગઈ તો તે બાબતે એક પૌરાણિક કથા છે. હજારો વર્ષો પહેલા માણસ જંગલમાં જ રહેતો હતો. તેને જંગલમાં વસવું કે ગામડામાં કે શહેરમાં તેવી કોઈ સમજણ ન હતી. તે વખતે ન તો ગામડાં હતા કે ન તો શહેર હતાં. ત્યારે તો માત્ર વિશાળ જંગલ જ હતું. અને આ જંગલમાં તે તમામ પ્રાણીઓ સાથે હળીમળી રહેતો હતો. કૂતરો ત્યારે આજની જેમ માનવીઓની સાથે રહેતો ન હતો. ત્યારે તે પણ અન્ય પ્રાણીઓની જેમ જંગલમાં જ અન્ય પ્રાણીઓ સાથે રહેતો હતો. શિયાળ, અને વરૂ તેના જાતભાઈઓ ગણાતા હતાં. ત્યાર કૂતરાની પૂંછડી પણ સીધી હતી. ત્યાં જંગલમાં એક દેવતાનો વાસ હતો. અને સૌ કોઈ પોતપોતાની રીતે તેઓને ફૂલ ફળ કે અન્ય ચીજ વસ્તુઓ અર્પણ કરતાં હતાં. સૌ કોઈની તેઓમાં અસીમ શ્રદ્ધા હતી. હવે બનતું એવું કે જે માંસાહારી પ્રાણીઓ હતાં તેઓ માંસ ખાતા હતા તેથી તેઓ માંસ અર્પણ કરતાં હતાં. અને તેથી મંદિરમાં ઘણી દુર્ગંધ થવા લાગી હતી. દેવતાના મંદિરની સાફસૂફીનું કામ વાંદરાએ હાથમાં લીધુ હતુ. પરંતુ હવે આ દુર્ગંધને કારણે તે કંટાળી ગયો હતો. તેણે એક દિવસ પશુ પંખીની સભામાં જાહેર કરી દીધું કે તે આ કામથી કંટાળી ગયો છે કેમ કે ત્યાં ખૂબ જ ગંધકી અને દુર્ગંધનું વાતાવરણ થઈ જાય છે. તેણે કહ્યું કે મંદિરનું આંગણું તો સ્વચ્છ હોવું જોઈએ જેથી સૌ કોઈ ત્યાં આવી શકે પંરતુ જે રીતે દુર્ગંધ આવે છે તેથી અહીં કોઈ આવતું નથી. અને આવા દુર્ગંધવાળા વાતાવરણમાં પૂજા કેવી રીતે થઈ શકે. ત્યાં તો સિંહ, વાઘ, અને અન્ય માંસાહારી પ્રાણીઓ બોલી ઉઠ્યા કે અમે તો માંસ જ ખાઈએ છીએ તેથી અમે તે તે જ ધરાવી શકીએ.

ત્યારે વાંદરાએ કહ્યું કે તેનો ઉપાય એક જ છે કે આપણે આ માંસ ચઢાવવાનું બંધ કરી દઈએ. જેઓ ફળ ફૂલ લાવે તે જ આવે અન્ય કોઈએ કાંઈ લાવવાની જરૂર નથી. તેઓ માત્ર દર્શન કરી ભક્તિ કરી જઈ શકે છે. માંસાહારી પ્રાણીઓએ કાંઈ લાવવાની જરૂરિયાત નથી.

અંદરોઅંદર ઘણી ચર્ચા વિચારણા કરી સૌ કોઈ વાંદરાની વાત માની છૂટા પડ્યાં હવે દેવતાનું મંદિર સ્વચ્છ રહેવા લાગ્યું. પંખીઓ ફૂલ ચડાવતા હતાં અને અન્ય પ્રાણીઓ ફળ ચઢાવતા હતાં. માંસાહારી પ્રાણીઓ આવતા હતાં પરંતુ તેઓ માત્ર દર્શન કરી સ્તુતિ કરી ચાલ્યા જતાં હતાં. પશુ પંખીમાં સૌ કોઈ સાચા દિલથી ભક્તિ કરતું હતું. પરંતુ બિલાડી ભક્તિનો ડોળ કરતી હતી. તે આખો દિવસ મંદિરમાં બેસી રહેતી હતી. સૌ કોઈને લાગતું કે બિલાડી ઘણી ભક્તિ કરે છે પરંતુ તેવું ન હતું. તે તો બાદમાં રાત્રે છાની માની પંખીઓના માળામાં ધૂસી જઈ તેઓનો શિકાર કરી લેતી હતી.

એક રાત્રે બિલાડી શિકાર કરવા માટે કાગડાના માળામાં જઈ પહોંચી તો ત્યાં તેને એક હીરો દેખાયો. કાગડાએ તેનો ચળકાટ જોઈ તેને ઉપાડી લીધો હતો

પરંતુ તેને ખાઈ શક્યો ન હતો. હીરાની ચમકને કારણે કાગડાને ઘરે અંધારુ ન હતું. બિલાડીને હીરો મળતા તેણે તે મોંઢામાં મૂકી દીધો. બિલાડી તે હીરાને પોતાના ઘરે લઈ ગઈ.

એક દિવસ તે પોતાના ઘરમાં ન હતી ત્યારે ત્યાં ઉંદર આવી ચઢ્યો અને તે હીરો લઈને ચાલી નીકળ્યો. તે હીરો ક્યાંક સંતાડી દેવા માંગતો હતો ત્યાં તો કૂતરો આવી ચડ્યો. કૂતરાને જોઈને ઉંદર લપાઈ ગયો. થોડી વાર બાદ ત્યાં બિલાડી મારો હીરો કોણે લઈ લીધો તેની બૂમો પાડતી પાડતી હીરાને શોધવા લાગી. ઉંદરને બિલાડીની બીક લાગી તેથી હીરો ફેંકી પોતાના દરમાં સંતાઈ ગયો. આ બાજુ હીરો બહાર પડતાની સાથે જ પ્રકાશ ફેલાઈ ગયો અને તેથી કૂતરાની તેની પર નજર પડી. તેણે તરત જ તે હીરો પોતાના મ્હોંમાં મૂકી દીધો. બિલાડીએ તપાસ કરી પણ હીરો ન મળ્યો તેથી તેણે રાજા સિંહને ફરિયાદ કરી. બિલાડીની ફરિયાદ બાદ રાજા સિંહે શિયાળ અને ચિત્તાને બધી જગ્યાએ તપાસ કરવાનો હુકમ કર્યો. બીજી બાજુ કૂતરાને આ વાતની કાંઈ ખબર ન હતી તેને લાંબા સમય સુધી હીરાને મ્હોંમાં મૂકવાનું ફાવતુ ન હતું. અને મ્હોંમાં રાખવાથી તેને બોલવામાં અને ખાવામાં મુશ્કેલી પડી રહી હતી.ત્યાં તેણે ઝાડ પર વાંદરાને બેઠેલો જોયો. તેણે વાંદરાને કહ્યું કે વાંદરાભાઈ મારે આ ચમકતો પત્થર મંદિરમાં મૂકવામાં જવું છે પરંતુ મને ફાવતુ નથી તો તો તેમ કોઈ ઉપાય બતાવોને. તેણે કહ્યું વાંધો નહી. તેણે તે હીરો કુતરાની પૂછડીએ બાંધી દીધો અને પૂછડી આગળ રેસા વીટીં દીધા અને આ કારણે કૂતરાની પૂંછડી વાંકી થઈ ગઈ. કૂતરો તો પ્રકારે ચાલ્યો ગયો. બીજી તરફ સિંહે સભા ભરી અને બિલાડીની ફરિયાદ અંગે કહ્યું. વાંદરો ત્યાં હતો તેથી તેણે કહ્યુ કે તે હીરો તો કૂતરાના કહેવાથી તેની પૂંછડી સાથે બાંધી દીધો હતો.

આ બધી વાતની કૂતરાને ખબર પડતાં તે પણ સભામાં હાજર થયો. રાજાએ કહ્યુ કે તારી પાસે ક્યાંથી આવ્યો તો કૂતરાએ કહ્યું કે મે તો ઉંદરના મ્હોંમાં જોયો હતો. અને તેના મ્હોંમાંથી પડી જતાં મે લઈ લીધો હતો. ઉંદરને પૂછવામાં આવ્યુ તો તેણે કહ્યું કે મે તો બિલાડીના ઘરેથી લીધો હતો. હવે સિંહે બિલાડીને કડકાઈપૂર્વક પૂછ્યુ તો તેણે કહ્યું કે તેણે કાગડાના માળામાંથી હીરો લીધો હતો. કાગડાને બોલાવીને પૂછ્યુ તો તેણે કહ્યું કે મને તો રસ્તામા મળ્યો હતો. સિંહે કહ્યું કે તેથી અંતિમ માલિકી કાગડાની ગણાય. પરંતુ આ પક્ષીની બાબત છે તેથી પક્ષીઓના રાજા ગરૂડરાજની સલાહ બાદ જ તેના પર કોઈ નિર્ણય આપી શકાય. અને તેઓ જે કહેશે તે સૌ કોઈને માનવું પડશે.પક્ષીરાજ ગરૂડ આવી પહોચ્યાં. અને તેઓએ આખી વાત સાંભળી. સાભળ્યા બાદ તેઓએ કહ્યું કે કાગડાને હીરો વનના માર્ગમાં મળ્યો તેથી તે હીરો વનદેવતાનો કહેવાય અને તેઓના ચરણોમાં જ તે હીરો અર્પણ કરી દેવો જોઈએ. વનરાજ સિંહે પક્ષીરાજ ગરૂડનો ચૂકાદો માન્ય રાખ્યો. પરંતુ કાગડો આ હીરો આપવા તૈયાર ન હતો તેથી ગરૂડરાજે ગુસ્સે થઈ કહ્યું કે જા તારુ મ્હોં કાળુ કર. તેમ છતાં કાગડો હીરો આપતો ન હતો તેથી ગરૂડરાજે તેને થપ્પડ મારી અને તેના મ્હોંમાથી હીરો ઉછળીને દેવતાના ચરણોમાં જ પડ્યો. ત્યાં તો આકાશવાણી થઈ કે જે કોઈએ આ ચોરીમાં સાથ આપ્યો છે તે સૌ કોઈને સજા થશે.

ઉંદરને કારણે બિલાડીની ચોરી ખુલ્લી પડી ગઈ તેથી બિલાડીએ પ્રતિજ્ઞા લીધી કે હવે ઉંદર મારો દુશ્મન હું તેને જોઈશ ત્યારથી મારીશ

.આજ રીતે બિલાડીને કારણે કૂતરાની વાત બહાર આવી તેથી તેણે પણ પ્રતિજ્ઞા લીધી કે આજથી હુ જ્યારે બિલાડીને જોઈશ ત્યાંથી મારીશ. વાંદરા અને કૂતરા વચ્ચે પણ વેર થયુ અને તે પણ દુશ્મન થઈ ગયા. કૂતરાએ હીરો પોતાની પૂછડીએ બાંધી દીધો હતો તેથી તેની પૂંછડી વાંકી થઈ ગઈ હતી. આકાશવાણી થઈ અને તેમાં કહ્યું કે હવે ક્યારેય કૂતરાની પૂંછડી સીધી થઈ શકશે નહી એટલું જ નહી પરંતુ વાદરાએ તેનો સાથ આપ્યો તેથી તેનુ મ્હોં પણ કાળુ થઈ જશે. ત્યારથી વાદરાનું મ્હોં કાળુ અને કૂતરાની પૂંછડી વાંકી થઈ ગઈ.

બે માથાવાળુ પક્ષી : ભરુડ

આ પક્ષીનો દેખાવ એટલા માટે વિચિત્ર લાગતો હતો કે તેનુ શરીર અકે હતુ પરંતુ માથા અલગ હતા. આ અલગ માથાને કારણે તે દરેક પક્ષી કરતા અલગ પડતુ હતુ. એક જ શરીરના બે માથા હોવા છતાં પણ તેમની વચ્ચે સંપ કે એકતા ન હતા. હંમેશા એકબીજા સાથે વેરઝેરની ભાવના રાખતા હતા

પ્રાચીન સમયમાં એક વિચિત્ર પક્ષી રહેતુ હતુ. આ પક્ષી બીજા બધા પક્ષીઓ કરતા અલગ હતુ. આ પક્ષીનુ નામ હતુ ભરુડ. આ પક્ષીનો દેખાવ એટલા માટે વિચિત્ર લાગતો હતો કે તેનુ શરીર અકે હતુ પરંતુ માથા અલગ હતા. આ અલગ માથાને કારણે તે દરેક પક્ષી કરતા અલગ પડતુ હતુ. એક જ શરીરના બે માથા હોવા છતાં પણ તેમની વચ્ચે સંપ કે એકતા ન હતા. હંમેશા એકબીજા સાથે વેરઝેરની ભાવના રાખતા હતા. તેથી ભરુડ પક્ષીનું શરીર પણ કંટાળી જતુ હતુ.દરેક જીવ મગજથી વિચાર કરતા હોય છે આ મગજ માથામાં રહેલુ હોય છે

આ પક્ષીના તો બે માથા હતા તેથી બંનેના વિચારો અને સમજવાની શક્તિ અલગ હતી. પરંતુ શરીર તો માત્ર એક જ હતુ. એક માથાના મગજમા પૂર્વ તરફ જવાનો વિચાર આવે તો બીજા માથાને ઉત્તર તરફ જવાનો વિચાર આવે. પરંતુ ભરુડ પક્ષીનુ શરીર તો એક જગ્યાએ અડગ ઊભુ રહેતુ હતુ. ભરુડનો એક પગ પૂર્વ તરફ ખેંચાતો તો બીજો પગ ઉત્તર તરફ ખેંચાતો હતો. ભરુડનુ શરીર તો માથા વચ્ચે થતી લડાઈમાં જ વ્યતીત થવા લાગ્યુ હતુ.

અકે દિવસ ભરુડ ખોરાકની શોધમા નદી તટ પર ફરી રહ્યુ હતુ ત્યારે એક માથાની નજર એક ફળ પર પડી તેણે તરત જ તે ફળ ખાવાનુ ચાલુ કર્યુ અને બોલ્યુ કે કેવુ સુંદર અને સ્વાદિષ્ટ ફળ છે ભગવાન પણ કેવી પોતાની લીલા કરે છે. આ જોઈને બીજું માથું બોલ્યું કે મને ફળ ચાખવા માટે આપને ત્યારે પહેલુ માથુ બોલ્યુ કે આ ફળ પર પહેલી નજર મારી પડી છે તેથી આ ફળ ખાવાનો અધિકાર મારો છે. બીજા માથા એ પોતાની ચાંચ તે ફળમા નાંખવાની કોશિશ કરી ત્યારે પહેલુ માથુ બોલ્યુ કે તારી ગંદી ચાંચ આ ફળમા કેમ નાંખે છે. મારા ફળ પર ખરાબ નજર ના કરીશ. બીજુ માથું બોલ્યુ કે આપણા માથા અલગ છે પરંતુ આપણુ શરીર એક છે. તેથી આપણે ખાવાની વસ્તુઓ હંમેશા વહેંચીને ખાવી જોઈએ અને ખાવાનો આનંદ માણવો જોઈએ. પહેલુ માથુ બોલ્યુ કે આપણા શરીર એક છે તો પેટ પણ એક જ છે જેથી હું આ ફળ ખાઈશ તો પણ આપણા બંનેના પેટમા જવાનુ છે.

બીજુ માથુ બોલ્યું કે ખાવાનો અર્થ માત્ર પેટ ભરવા પૂરતો નથી હોતો પરંતુ જીભને પણ સ્વાદ હોય છે. ખાવાની સાચી મજા તો મોં દ્રારા જ આવે છે.

પહેલુ માથુ બોલ્યુ કે તારા જીભને સ્વાદ આપવા માટે હું તને આ ફળ આપીશ તે વાત ભૂલી જા. ફળ ખાધા પછી જીભથી ઓળકાર આવશે

તે ઓળકાર તારા મોંમાં પણ આવશે તે ઓળકારથી તને ફળનો સ્વાદ કેવો છે તેની ખબર પડી જશે. ત્યાર પછી તે ગુસ્સે થઈને બોલ્યો કે હવે વધારે બોલીશ નહીં મને મારુ ફળ ખાવા દે. બીજું માથુ બોલ્યુ કે આજે તારો વારો છે તેથી હુ પણ તારી સાથે બદલો લઈશ. અને ત્યાર પછી તે તકની રાહ જોવા લાગ્યુ. થોડાક જ દિવસો પછી પક્ષી એક ઘટાદાર વૃક્ષ પર બેઠું હતુ ત્યારે અચાનક તેણે એક સોનેરી રંગનુ ફળ જોયુ હતુ. તે ચમકતુ હતુ તેથી તેણે તરત જ ફળ પકડીને ખાવાનુ ચાલુ કર્યુ. ત્યારે તેના બીજા માથાએ કહ્યુ કે આ ફળ ના ખાઈશ આ ઝેરી ફળ છે પરંતુ બીજુ માથુ આ વાત માનવા તૈયાર ન હતુ તેણે કહ્યુ કે તે મને તે દિવસે તારુ ફળ આપ્યુ હતુ કે આજે હું તને ફળ ખાવા માટે આપું. તુ મને ઝેરીફળ એટલા માટે કહે છે કે તારી આ ફળ ખાવાની ઈચ્છા થઈ છે. પરંતુ હું તારી કોઈ વાત માનવાનો નથી હું તો આ ફળ ખાઈ જઈશ.

પહેલા માથાએ સમજાવાના પ્રયત્નો કર્યા પરંતુ બીજા માથાએ તેની વાત ના માની અને તે ફળ ખાઈ ગયું. ત્યાર પછી બીજા દિવસે ભરુડ પક્ષીના પેટમા આ ઝેરીફળ જવાથી તે તરફડીને મૃત્યુ પામ્યુ. આ રીતે બંને માથાની લડતમા બીચારું ભરુડ પક્ષી મરણ પામ્યુ.

દીપિકા પદુકોણની આંખોનાં અજબ અજબનાં સપનાં
સાકાર કરનાર ગુરુ-શુક્રની દશા

જાણીતા બેડમિન્ટન ખેલાડી પ્રકાશ પદુકોણ અને ઉજાલાની પુત્રી દીપિકા ડેન્માર્કના કોપનહેગનમાં જન્મી ને ૧૧ મહિનાની હતી ત્યારે જ માતાપિતા બેંગલોર સ્થાયી થયાં. તેણે બેંગલોર ખાતે જ સોફિયા હાઈસ્કૂલ તેમ જ માઉન્ટ કાર્મેલ કોલેજમાં શિક્ષણ લીધું.

ધન લગ્ન ધરાવતી દીપિકાએ સ્કૂલ કક્ષાએ પિતાના જ ક્ષેત્રમાં બેડમિન્ટન ખેલાડી તરીકે પોતાનો શોખ જાગ્રત કર્યો. સામાન્યતઃ ધન લગ્નના જાતકો શારીરિક શ્રમને લગતા ક્ષેત્રે જવાનું વધુ પસંદ કરતા હોય છે. ધન લગ્નનું ચિત્ર આપ ધ્યાનથી જોશો તો અર્ધ અશ્વ (શરીરનો ભાગ) અને મસ્તકની જગ્યાએ મનુષ્યનું અડધું ધડ એ રીતે ચિત્રણ કરવામાં આવ્યું છે. આ અર્ધા મનુષ્યના ધડમાં હાથમાં તીર-કામઠા ઉપર ચઢાવી લક્ષ્યવેધની મુદ્રા બનાવે છે. આ ચિત્રનું અર્થઘટન એ રીતે થાય કે ધનુ રાશિ કે લગ્નના જાતકોમાં અશ્વ જેવી શારીરિક તાકાત અને મનુષ્ય જેવી ચકોર બુદ્ધિનો સમન્વય થયો છે તે સાથે જ ધનુષ્ય-બાણ હાથમાં હોવાથી પોતાના ધ્યેયની પરિપૂર્તિ માટે અત્યંત એકાગ્ર ચિત્તના હોય છે. અહીં દીપિકાએ સ્કૂલ કક્ષાએ શારીરિક શ્રમ આપનારી રમત બેડમિન્ટન તરફ આકર્ષણ રાખ્યું પણ કારકિર્દી ઘડી શકવા જેટલો સમય ફાળવી શકી નહીં. પરીક્ષાને કારણે, તે છતાં કે કોલેજકાળ દરમિયાન ઉચ્ચ શારીરિક સૌષ્ઠવ અને દેખાવને ધ્યાનમાં રાખી મોડલિંગ કરવાનું વિચાર્યું. આપણને સહજ થાય કે રમતગમતના ક્ષેત્રથી મોડલિંગ તરફ આ વ્યક્તિ કેમ વળી? વર્ષ ૧૯૯૮થી પ્રારંભ થયેલ લગ્નેશ ગુરુની મહાદશાએ દીપિકાની ઈચ્છાઓને સાથ આપ્યો જેમાં વિશેષ કરી ગુરુમાં બુધની આંતર્દશામાં કોલેજના ઉચ્ચ અભ્યાસ દરમિયાન મોડલિંગ તરફ મન વાળ્યું અને જાહેરખબરો મેળવી, પણ શ્રેષ્ઠ તક મળી ગુરુની મહાદશામાં શુક્રની આંતર્દશા દરમિયાન (ઓક્ટો. ૨૦૦૬થી જૂન ૨૦૦૯). આ સમય લગ્નેશની મહાદશા અને લગ્નમાં રહેલા ગ્રહ શુક્રની આંતર્દશાનો છે. અહીં લગ્ન, સૂર્ય અને શુક્ર આ ત્રણેય શુક્રના નક્ષત્રના હોવાથી દીપિકાની ઈચ્છાઓ અને મહત્ત્વાકાંક્ષા ઘોડાની જેમ તેજ ગતિએ પૂરી થઈ. ૨૦૦૬માં જ કિંગફિશરનો પંચમ ફેશન એવૉર્ડમાં 'મોડલ ઓફ ધ યર'નો ખિતાબ મેળવી કિંગફિશરના સ્વિમસૂટ્સ કેલેન્ડરની મોડલ બની અને 'નામ હૈ તેરા' તથા હિમેશ રેશમિયાના આલબમ 'આપ કા સુરૂર'માં કામ કર્યું. તે જોઈ ફરાહ ખાને ૨૦૦૭માં 'ઓમ શાંતિ ઓમ'માં હિરોઈન તરીકે તક આપી દીપિકાની કલ્પનાને વાસ્તવિકતા બનાવવા તરફ ઢાળ આપ્યો. આમ શુક્રની આંતર્દશા પ્રબળ ફળ આપનારી નીવડતી જોઈ સહજ પ્રશ્ન ઊભો થાય કે લગ્નેશનો શત્રુ ગ્રહ અને દશા - આંતર્દશાધિપતિનું બિયાબારું અને લગ્નેશ નીચેનો હોવા છતાં આવી સફળ વ્યક્તિ કઈ રીતે બની શકે? અહીં લગ્નેશ નીચનો છે, પણ શારીરિક તંદુરસ્તીનો કારક સૂર્ય લગ્નસ્થાને રહેલો હોવાથી તંદુરસ્તી અંગે પ્રશ્નો ઊભા થતા નથી તેમ જ લગ્ન-શુક્ર-સૂર્ય-શુક્રના નક્ષત્રમાં હોવાથી સુંદર દેખાવ અને શારીરિક સૌષ્ઠવ પ્રાપ્ત થયું. લગ્ને રહેલો શુક્ર કળાના ક્ષેત્ર તરફ સમજદારીપૂર્વકનું આકર્ષણ આપે છે. આ શુક્ર નવમાંશ કુંડળીમાં લગ્ને નીચનો બને છે, છતાં નવમાંશના લગ્નેશ બુધનો શુક્ર સાથે પરિવર્તન યોગ હોવાથી શુક્રની બાબતો નકારાત્મક કે રકાસભરી નથી બની અને કળાના ક્ષેત્રે અત્યંત ઝડપથી સિદ્ધિ પ્રાપ્ત કરી. ગુરુ-શુક્રનું બિયાબારું પણ ખરાબ ફળ આપનારું નથી નીવડ્યું. અહીં લગ્નેશ લગ્નકુંડળીમાં નીચનો બન્યો છે, જ્યારે આંતર્દશાધિપતિ નવમાંશ કુંડળીમાં નીચનો બનતાં આ પરિસ્થિતિ અવયોગ આપનારી નહીં

પણ હાલપૂરતી જાતકની ઈચ્છા પૂર્ણ કરનારી નીવડી. આ સાથે જ લાભસ્થાને રહેલો અષ્ટમેશ ચંદ્ર પણ ભાતભાતના મિત્રો અપાવનારો નીવડે છે. પંચમ ભાવે દૃષ્ટિ પણ પ્રેમસંબંધમાં સ્થિરતા આપતો નથી. તેમ જ વ્યયભાવે રહેલો શનિ પણ લગ્નજીવન અને ભૌતિકજીવન જીવવાની ઈચ્છાઓ બાબતો ધાર્યું સુખ મેળવવા નથી આપતો. આમ હાલ ચકાચૌંધભર્યું જીવન જીવનારી અને ખૂબ જ ઝડપથી સફળતાનાં શિખરો સર કરનારી દીપિકા માટે વર્ષ ૨૦૧૪ના અંતથી શરૂ થનારી શનિની દશા અને તે જ વખતે ચંદ્ર પરથી પસાર થનારો શનિ પોતાની વ્યયભાવમાં રહેલી હાજરીની સાર્થકતા દર્શાવી તેને સફળતા અપાવનાર બન્યો છે.

વેરાવળ શાપરમાં કૂતરાએ ફાડી ખાતા પાંચ વર્ષની બાળકીનું મોત

રાજકોટ, તા.૩૦

રાજકોટ જિલ્લાના શાપર વેરાવળમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી પોતાના દાદાના ઘરે રોકાવા આવેલી પાંચ વર્ષની બાળકીને કૂતરાએ ફાડી ખાતાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

શાપર વેરાવળમાં ભૂમિ ગેટ નજીક ગોલ્ડન સ્ટાર કંપની પાસે સવારે વિરલબેન અંબુભાઈ વીણામા (ઉં.૫) નામની બાળા ઘર નજીક રમી રહી હતી. આ સમયે અચાનક એક કૂતરો ધસી આવ્યો અને બાળકી પર હુમલો કર્યો. કૂતરાએ બાળકીને નીચે પાડી દઈ તેના ગળાના ભાગે બટકું ભરી લીધું હતું.

બાળકીના દેકારાથી લોકો ભેગા થતાં કૂતરો ભાગી ગયો હતો. કૂતરાના હુમલાથી વિરલબેન લોહીલુહાણ થઈ જતાં તેણીને તાત્કાલિક શાપર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનું કહેવામાં આવતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી, પરંતુ અહીં તબીબે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં અને શાપરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

મૃત્યુ પામનાર વિરલબેન હજુ ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી શાપર વેરાવળ રહેતા તેના દાદા મુકેશભાઈ ભૂરાભાઈના ઘરે રોકાવા આવી હતી. સવારે ઘર નજીક રમતી હતી ત્યારે આ કરુણ બનાવ બન્યો હતો.વધુમાં જાણવા મળ્યા મુજબ, જે કારખાના પાસે બનાવ બન્યો ત્યાં દરરોજ કૂતરા રોટલી ખાવા આવતા હતા. રમી રહેલી બાળકી પર રોટલી ખાવા આવતા કૂતરાઓ પૈકીના એક કૂતરાએ જ હુમલો કરી બટકું ભરી લીધું હતું.

પંચવટી પાસે AMTS બસચાલકે કારને મારી ટક્કર

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ શહેરમાં AMTS બસચાલકોની બેફામ ડ્રાઈવિંગ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. શહેરના પંચવટી પાંચ રસ્તા પાસે એક AMTS બસચાલકે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરીને એક કારને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયંકર હતો કે કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. શહેરમાં જાહેર પરિવહન સેવાના ચાલકોની આવી ગેરજવાબદાર વર્તણૂકને કારણે નાગરિકોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

સદભાગ્યે, આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. કારને ટક્કર વાગતાની સાથે જ કારની એર બેગ્સ ખુલી ગઈ હતી, જેના કારણે કારચાલક અને તેમની સાથેની વ્યક્તિને ગંભીર ઈજા થતાં બચી ગઈ હતી. જોકે, કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ઘટના ફરી એકવાર વાહનોમાં સુરક્ષાનાં સાધનો (Safªy Features) નું મહત્વ દર્શાવે છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનું ટોળું ભેગું થયું હતું અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ અકસ્માત બાદ ફરી એકવાર શહેરમાં AMTS અને BRTS બસચાલકોની બેફામ ડ્રાઈવિંગ સામે કડક પગલાં લેવાની માંગ ઊઠી છે.

કેશોદના અંડરબ્રિજમાંથી પાણી કાઢતા યુવકને કરંટ લાગ્યો

જૂનાગઢ,તા.૩૦

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં એક અત્યંત કરૂણ અને દુઃખદ ઘટના સામે આવી છે.

ભારે વરસાદના કારણે પાણી ભરાયેલા અંડરબ્રિજમાંથી પાણી બહાર કાઢવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન કરંટ લાગવાથી એક યુવકનું મોત નીપજ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, પાણીમાં રહેલા ખુલ્લા વીજવાયરના સંપર્કમાં આવવાથી યુવકને જોરદાર કરંટ લાગ્યો હતો,

જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.યુવકના આ કરૂણ મોત બાદ સ્થાનિક લોકોમાં તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સીધો આક્ષેપ છે કે,

જાહેર સ્થળોએ વીજ કંપની દ્વારા ખુલ્લા અને જર્જરિત વીજવાયરોને સમયસર દૂર કરવાની કામગીરી ન કરવાને કારણે આ અકસ્માત સર્જાયો છે.

આ પ્રકારની ગંભીર બેદરકારી સામે કડક પગલાં લેવા માટે લોકોએ માંગણી કરી છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.યુવકના આ અકાળે અવસાનથી તેના પરિવાર પર આભ ફાટી પડ્યું છે.

સ્થાનિકો અને મૃતકના પરિવારજનોએ સરકાર સમક્ષ તાત્કાલિક ધોરણે મૃતકના પરિવારને યોગ્ય સરકારી સહાય ચૂકવવામાં આવે તેવી માંગણી કરી છે. સાથે જ, આ દુર્ઘટના માટે જવાબદાર વીજ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવા અકસ્માતો ન થાય તે માટે અંડરબ્રિજ વિસ્તારમાં વીજળીના જોડાણોને સુરક્ષિત કરવામાં આવે તેવી પણ અપીલ કરવામાં આવી છે. લોકોનો રોષ અને દુઃખ જોતાં તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરવી જરૂરી છે.

સુરત નજીક ટ્રેનના બે કોચ છૂટા પડી જતા પ્રવાસીઓના જીવ અદ્ધર થઈ ગયા

સુરત,તા.૩૦

બાંદ્રા ટર્મિનસ-અમૃતસર એક્સપ્રેસ ટ્રેનના કોચ છૂટા પડી જતાં પ્રવાસીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પહેલી ઘટના મહારાષ્ટ્રના દહાણુ રેલવે સ્ટેશન પાસે બની હતી. બીજી ઘટના ગુજરાતના સંજાણ સ્ટેશન પર બની હતી. બે કોચ અલગ થઈ જતા મુસાફરો ચિંતિત થયા હતા જો કે કોઈ ઈજા કે જાનહાનિના અહેવાલ નથી.

મુંબઈથી અમૃતસર જતી ટ્રેનના બે કોચ અલગ થઈ ગયા છે. અહેવાલો અનુસાર, ચાલતી ટ્રેનના બે એસી કોચ અલગ થઈ ગયા હતા અને પાછળ રહી ગયા હતા. પશ્ચિમ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૯૨૫) મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમૃતસર જઈ રહી હતી, જ્યાં તે થોડી મિનિટોમાં બે વાર અલગ થઈ ગઈ હતી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ચાલતી ટ્રેન સાથેનો પહેલો અકસ્માત મહારાષ્ટ્રમાં અને બીજો ગુજરાતમાં થયો હતો. આ ઘટના દરમિયાન મુસાફરોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે સલામતી અંગે અનેક પ્રશ્નો ઉભા થયા હતા. સદનસીબે, એક મોટો અકસ્માત ટળી ગયો હતો. રેલ્વે વિભાગે તાત્કાલિક ટ્રેનથી અલગ થયેલા કોચ બદલી નાખ્યા હતા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરી હતી. આ ઘટના દરમિયાન ટ્રેન પણ ત્રણ કલાક મોડી પડી હતી.આ ટ્રેન ગઈકાલે, રવિવારે સવારે ૧૧:૩૫ વાગ્યે મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમૃતસર જવા માટે રવાના થઈ હતી. જ્યારે ટ્રેન બપોરે ૧:૧૫ વાગ્યે મહારાષ્ટ્ર પહોંચી ત્યારે એસી કોચ ૭૧ અને ૭૨ અલગ થઈ ગયા હતા. ગુજરાત પહોંચ્યા ત્યારે પણ આ જ સમસ્યા ફરી શરૂ થઈ. ટ્રેનના પાઈલટ અને અન્ય સ્ટાફે જાતે જ ટેકનિકલ સમસ્યાનું નિરાકરણ કર્યું અને ટ્રેન બપોરે ૧:૪૫ વાગ્યે રવાના થઈ. જોકે, થોડા જ અંતર પછી, કોચ ફરીથી અલગ થઈ ગયા. ગુજરાતના વલસાડથી ટેકનિકલ સ્ટાફને બોલાવવામાં આવ્યો. મુસાફરોને કોચમાંથી શિફ્ટ કરાવવામાં આવ્યા, અને નાસ્તો પણ આપવામાં આવ્યો. ત્યારબાદ, મુસાફરોને સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા.

ગવર્નમેન્ટ કોલોની પાસે બિલ્ડિંગની અગાસી ધરાશાયી થઈ

અમદાવાદ,તા.૩૦

શહેરમાં દરિયાખાન ઘુમ્મટ પાસે આવેલી ગવર્નમેન્ટ કોલોની નજીક એક બિલ્ડિંગની અગાસી અચાનક ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં બે મહિલાઓ ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ગવર્નમેન્ટ કોલોનીની બાજુમાં આવેલી આ બિલ્ડિંગનો ઉપરનો ભાગ તૂટી પડ્યો હતો. ઘટના બનતાની સાથે જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે ઝડપથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને કાટમાળ નીચે ફસાયેલી બે ઈજાગ્રસ્ત મહિલાઓને બહાર કાઢી હતી.

સમય પૂર્વે પુખ્ત બની જતી કન્યાઓનો કોયડો

એક સુખી અને સાધનસંપન્ન પરિવારની છઠ્ઠા ધોરણમાં ભણતી બાળકી રાણી (નામ બદલ્યું છે) અત્યંત તેજસ્વી અને હોશિયાર બાળકી છે. અભ્યાસમાં હંમેશા ટોચ ઉપર રહેતી આ બાળકીને તેની બાળસખીઓ અને વિવિધ પ્રકારની ઢીંગલીઓ સાથે રમવાનું ખૂબ જ ગમે છે. પરંતુ ભણવામાં હોનહાર, સુંદર નિર્દોષ રાણી માટે તેની માતા સુમિતી (નામ બદલ્યું છે) ખૂબ જ ચિંતિત છે. કારણ કે રાણીનો શારીરિક વિકાસ તેનીવયની અન્ય બાળકીઓની સરખામણીએ ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે. સુમિતીને આ બાબત થોડી વિચિત્રતાભરી ભાસે છે. પોતાના શારીરિક પરિવર્તનો અંગે રાણી સ્વયં ભારે ઉત્તેજીત અને જીજ્ઞાસુ છે. આ સંદર્ભમાં તેના મનમાં અનેક પ્રશ્નો ઉદ્દભવે છે. આ પ્રશ્નો તે તેની માતાને પૂછે છે પણ માતા સુમિતી પાસે રાણીના પ્રશ્નોના ઉત્તરોનો સંપૂર્ણ દુષ્કાળ છે.

આટલી નાની વયે પોતાની દિકરીના સ્તનનો વિકાસ જોઇને વ્યાકુળ બની ઉઠેલી સુમિતીને એવી શંકા ગઇ કે રાણીને ગાંઠ નીકળી છે. આ શંકા અને ભયને કારણે તે રાણીને ડોકટર પાસે લઇ ગઇ. ડોકટરે તેને સમજાવ્યું કે રાણી બાબતે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. તે શારીરિક અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સંપૂર્ણપણે સ્વસ્થ છે, માત્ર રાણીની જે સમસ્યા છે તે આજે વૈશ્વિક સમસ્યા છે. આ સમસ્યા પ્રત્યેક માતાપિતાને મુંઝવી રહી છે.

૧૧ વર્ષની નતાશા (નામ બદલ્યું છે)ને જ્યારે તેની પ્રિય એવી બાર્બી ડોલથી રમવું હોય છે, ત્યારે તે પહેલા પોતાના રૂમનો દરવાજો અંદરથી લોક કરી દે છે. તેને તેની સહેલીઓ તથા પરિવારના સંબંધીઓ તથા મિત્રોની હાજરીમાં બાર્બી ડોલ સાથે રમવાનું ગમતું નથી. કારણ નતાશાને ઢીંગલી સાથે રમતી જોઇને તેના પરિવારના સ્નેહીઓ અને મિત્રો તેની મશ્કરી કરે છે. કારણ નતાશા તેની વાસ્તવિક વય કરતાં ઘણી મોટી લાગે છે. આજે નતાશાનું મગજ ૧૧ વર્ષની બાળકીનું છે અને શરીર ૧૪ વર્ષની કિશોરીનું છે.

નતાશાની માતા બીનાબેન (નામ બદલ્યું છે) જણાવે છે કે મારી પુત્રીની વયની બાળકીઓ માટે ઢીંગલી સાથે રમવું એ અત્યંત સાહજીક વાત છે. આમ છતાં નતાશા ઢીંગલીથી રમે છે. તે બાબત ઉપર અમારા સગાસંબંધીઓ તથા મિત્રો નતાશા ઉપર હસે છે, તેની મજાક ઉડાવે છે. કારણ આજે નતાશાનો શારીરિક વિકાસ એક પુખ્ત યૌવના જેવો થઇ ગયો છે. એટલું જ નહીં નતાશા જ્યારે શાળાએ જવા કે હરવા ફરવા માટે બહાર નીકળે છે ત્યારે રસ્તામાં પુરુષો પણ તેની સામે લાલચુ અને કામુક દ્રષ્ટિથી જોવે છે. પરંતુ એક માતા તરીકે હું ચોક્કસ કહીશ કે, વાસ્તવિકતા એ છે કે મારી દીકરી હજી ઢીંગલીથી રમવા જેટલી બાળકી જ છે.

પોતાની વય કરતાં પુખ્ત દેખાતી આવી અનેક રાણીઓ અને નતાશા આજે આપણા સમાજમાં અસ્તિત્ત્વ ધરાવે છે. જો કે વાસ્તવિકતા માત્ર આપણા ભારતીય સમાજ પૂરતી મર્યાદિત નથી. પરંતુ ઔદ્યોગિક વિકાસ પામેલા વિશ્વના પ્રત્યેક દેશના સમાજની આ વાસ્તવિકતા છે. ઔદ્યોગિક વિકાસ સાધનાર પ્રત્યેક દેશની બાળકીઓ આજે પોતાની વય કરતાં વધુ ઝડપથી પુખ્ત બની રહી છે.જીવનશૈલીમાં આવેલું પરિવર્તન, ખાણી-પીણીની પધ્ધતિમાં થયેલા ફેરફારો તથા અન્ય કેટલાક પાસાઓને કારણે આજે બાળકન્યાઓમાં આ પરિવર્તન આવ્યું છે, જેમાં છેલ્લા થોડા વર્ષોથી બાળકીઓમાં તેમની વય કરતાં ઝડપથી શારીરિક પુખ્તાવસ્થા દેખાવાની સમસ્યા નિર્માણ થઇ છે.

અમેરિકન પીડીયાટ્રીશીયન માર્સિયા હર્મન ગીડને કરેલા એક સર્વેક્ષણ અનુસાર, પશ્ચિમની ગોરી કન્યાઓ તેની નિર્ધારીત વય અને સમય કરતાં એક વર્ષ વહેલી પુખ્તતાને પામે છે. જ્યારે આફ્રિકન-અમેરિકન કન્યાઓ બે વર્ષ વહેલી પુખ્તતાને આંબે છે. આ સર્વેક્ષણ મુજબ લગભગ આઠ વર્ષની આસપાસની વય ધરાવતી ૪૮ ટકા આફ્રિકન-અમેરિકન બાળકન્યાઓ તથા ૧૫ ટકા પાશ્ચાત્ય ગોરી બાળકન્યાઓના સ્તનોનો વિકાસ થવા લાગે છે. તથા ગુપ્તાંગ નજીકના વાળ પણ તેમને આવવા લાગે છે.હોર્મોન્સના ઝડપી વિકાસને કારણે બાળકીઓમાં શારીરિક પરિવર્તન આટલું ઝડપથી આવી રહ્યું છે.

આ બાબત આજે વિશ્વભરમાં ચર્ચાના ચકડોળે છે. ભારતના જ એક સેક્સ હેલ્થ નિષ્ણાત પી.ડી. નાયર જણાવે છે કે ૮૦ના દાયકા દરમિયાન કન્યાઓની પુખ્તતામાં પ્રવેશવાની વય ૧૪ વર્ષની હતી. જે ૯૦ના દાયકામાં ઘટીને ૧૨.૪ વર્ષની થઇ છે. અહીં મહત્વની બાબત એ છે કે જેમ જેમ સમય બદલાતો જાય છે તેમ તેમ કન્યાઓની પુખ્ત બનવાની વયમાં નિયમિત ઘટાડો આવતો જાય છે.વય કરતાં વહેલી પુખ્ત બની રહેલી બાળાઓ અંગે આજે માતા-પિતાઓ ભારે ચિંતિત છે. કારણ કે કન્યાઓ જેવી પુખ્ત થવા લાગે કે તરત જ તેમની ઊંચાઇ વધતી અટકી જાય છે.

આમ છતાં બાળાઓને પુખ્તતામાં પ્રવેશતી અટકાવવા માટેનો કોઇ ઇલાજ નથી. આ સંપૂર્ણપણે પ્રાકૃતિક ઘટના છે. જેનો સામનો પ્રત્યેક માતાપિતાએ કરવો જ રહ્યો. એમ જણાવતા નિષ્ણાત તબીબો ઉમેરે છે કે બાળ કન્યાઓને સ્તન વિકાસની સાથોસાથ માથાનો કે પેટનો દુઃખાવો રહે તેનું વજન ઘટવા લાગે કે પછી શરીરના અન્ય કોઇ અવયવમાં તકલીફ કે વિકૃતિ જણાય તો તરત જ નિષ્ણાત તબીબનો સંપર્ક સાધી યોગ્ય સલાહ અને સારવાર લેવી જરૂરી છે.

આપણા સમાજમાં દીકરી એટલે સાપનો ભારો એવી એક માન્યતા અને કહેવત પ્રવર્તે છે. આજના જમાનામાં દીકરીને સાચવવી એ અત્યંત ભારે જવાબદારીનું કામ ગણાય છે. ત્યારે દીકરી શારીરિક રીતે પુખ્ત બને એવા સંજોગોમાં તેનું ધ્યાન રાખવું અને તેને સાચવવી એ પણ આજના યુગમાં ભારે મોટું કામ બની રહે છે.એક અન્ય અભ્યાસ અનુસાર શ્રીમંત તથા ઉચ્ચ મધ્યમ વર્ગની બાળકીઓ મધ્યમ તથા ગરીબ વર્ગની છોકરીઓ કરતાં વધુ ઝડપથી પુખ્તત્વને પામે છે. નિષ્ણાત તબીબો જણાવે છે કે, ભારતીય છોકરીઓમાં શારીરિક વિકાસ દ્વારા પુખ્તાવસ્થાને પ્રાપ્ત કરવાની વય આઠથી ૧૪ વર્ષની થઇ ગઇ છે. પરંતુ જો ક્યારેક બાળકી આઠ વર્ષથી નાની વયે જ શારીરિક રીતે પુખ્ત દેખાવા લાગે તો તે નિશ્ચિતપણે ચિંતાની બાબત બને છે અને તબીબી તપાસનો વિષય બની રહે છે. આનું કારણ શું? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં તબીબી સાધનો જણાવે છે કે આજની જીવનશૈલી તથા વધુ પડતી ઉન્માદિતા તથા મુક્ત વાતાવરણ આ માટે જવાબદાર છે.

આજે કન્યાઓ પોષણયુક્ત સમતોલ આહારને બદલે જંક ફૂડ વધુ ખાય છે. પરિણામે શરીરમાં ચરબીનું પ્રમાણ વધવા લાગે છે. આ ચરબી હોર્મોન્સને ઉત્તેજીત કરે છે, જેથી હોર્મોન્સની પ્રક્રિયા ઝડપી બને છે તથા હોર્મોન્સ વધવા લાગે છે. એક અભ્યાસ અનુસાર, સ્થૂળકાય કન્યાઓ સામાન્ય કન્યાઓ કરતાં વધુ ઝડપથી શારીરિક પુખ્તતાને પામે છે.ઉપરાંત આજની છોકરીઓ પોતાના સૌંદર્ય પ્રત્યે વધુ સભાન બની છે. તેમને તેમની સહેલાણીઓ તથા મિડિયા મારફતે સેક્સ સંબંધિત માહિતી પ્રાપ્ત થાય છે.

આ માહિતીની અસર તેમના માનસપટ ઉપર તીવ્રપણે છવાયેલી રહે છે. જેનું પરિણામ સીધેસીધું શારીરિક પરિવર્તનના સ્વરૂપમાં આવે છે.નંદિતા અને ગૌરવ નામના દંપતિ તેમની સાત વર્ષની બાળકી સાથે મુંબઇના મોટાભાગના બાળ તજજ્ઞોને મળી ચૂક્યા છે. તેમની સાત વર્ષની બાળકી રિયાને ગુપ્તાંગ નજીક વાળ આવવાની સમસ્યા છે. આ સમસ્યા સંદર્ભમાં તેમણે શહેરના અગ્રણી એન્ડોકીનોલોજીસ્ટનો પણ સંપર્ક સાધ્યો હતો. એન્ડોકીનોલોજીસ્ટે રિયાની પ્રાથમીક તપાસ બાદ રક્ત તપાસ કરાવવાની સલાહ આપી. કારણ તેમને એવી શંકા ગઇ હતી કે રિયાને અંડાશયમાં ગાંઠ હોઇ શકે. જો કે રિયાના તમામ તબીબી પરીક્ષણના રિપોર્ટ નોર્મલ આવ્યા તેથી તેના માતા-પિતાની ચિંતામાં થોડો ઘટાડો થયો. રિયા આઠ વર્ષની થઇ ત્યારે તેના સ્તનનો વિકાસ અભૂતપૂર્વ ગતિએ થવા લાગ્યો અને તેને બ્રેસિયર્સ પહેરાવવાની આવશ્યકતા ઊભી થઇ. આ સંબંધે નંદિતા અને ગૌરવે પુનઃ અગ્રણી ડોક્ટરોનો સંપર્ક સાધ્યો. જો કે ડોક્ટરોએ તેમને સ્પષ્ટ જણાવ્યું કે આ એક કુદરતી અને સાધારણ ઘટના છે. જેનો કોઇ ઉપાય નથી.

આજે પરિસ્થિતિ એવી છે કે રિયાનું મગજ એક બાળકીનું છે પણ તેનો શારીરિક વિકાસ એક સ્ત્રી જેવો થઇ ગયો છે.અન્ય એક વાસ્તવિકતા એ પણ છે કે નાની વયમાં શારીરિક પરિવર્તનો તથા માસિક ધર્મ આવવાની ઘટના બાબતે છોકરીઓ આશ્ચર્ય અને ભયની ગ્રંથી વચ્ચે ઝોલા ખાય છે. કારણ આ કન્યાઓ શારીરિક રીતે પીઢ બની હોય છે, પણ માનસિક રીતે નિર્દોષ જ હોય છે. દિલ્હી સ્થિત અગ્રણી સાયકોલોજીસ્ટ રાધિકા ચંદિરામાણી પોતાની સેક્સ હેલ્થ હેલ્પલાઇન ચલાવે છે. આ હેલ્પલાઇનનું નામ 'તારશી' છે. જેના ઉપર છોકરીઓ પોતાના સ્તનના કદ, માસિક ધર્મની પીડા, સેનેટરી પેડ્સની પસંદગી વગેરે સંબંધિત અનેક પ્રશ્નોની માહિતી મેળવે છે. કેટલીક છોકરીઓ આવા પ્રશ્નોના ઉત્તરો પોતાની સખીઓ પાસેથી મેળવવાના પ્રયત્ન કરે છે. જ્યારે કેટલીક છોકરીઓ આવા પ્રશ્નના ઉત્તરો પોતાની માતા પાસેથી મેળવવા મથામણ કરે છે. પરંતુ માતાઓ તેમને યોગ્ય ઉત્તરો ક્યારેક આપી શકતી નથી.કેટલાક મા-બાપ એવું ઇચ્છતા હોય છે કે તેમની દીકરીને માસિક ધર્મ વહેલો શરૂ ન થવો જોઇએ. તેમની માન્યતા એવી હોય છે કે જો માસિક ધર્મ વહેલો શરૂ થાય તો તેમની દીકરીની હાઇટ વધતી અટકી જશે. પરંતુ વાસ્તવિકતા આનાથી વિશેષ કપરી છે. અને તે એ કે એકવાર દીકરીને માસિક ધર્મ શરૂ થાય પછી તેનું બાળપણ લોપાઇ જાય છે.

આપણા સમાજમાં કન્યાઓમાં વય કરતાં વહેલી પુખ્તતાના પ્રવેશને એક મહત્ત્વની ઘટના સમજીને છોકરીઓને એ માટે માનસિક રીતે સજ્જ કરવામાં આવતી નથી. મુખ્યત્વે આ જવાબદારી માતાની હોય છે. પણ માતાઓ આ જવાબદારી યોગ્ય રીતે પાર પાડતી નથી. શરમ તેમને આ જવાબદારી પાર પાડવામાં પીછેહઠ કરાવે છે. માતાઓ એમ માને છે કે શાળાઓમાં જે થોડુંક સેક્સને લગતું શિક્ષણ મળે છે એ દ્વારા તેમની દીકરીઓને આ બધી માહિતી મળી જશે. પરંતુ આવી માહિતીઓ શાળામાંથી મળતા સેક્સ શિક્ષણ કરતાં વધુ સારી રીતે માતા પોતાની દીકરીને આપી શકે. આ માટે શરમના તત્ત્વને નેવે મૂકવાની આવશ્યકતા છે. કારણ કે આ બાબત દીકરીના ભવિષ્ય સાથે સંકળાયેલી છે. આજે સામાજિક સાંસ્કૃતિક પરિદ્રશ્યો બદલાયા છે, જીવન ધોરણમાં પણ આધુનિકતા સાથે પરિવર્તન આવ્યું છે. મિડિયાનો વ્યાપ વિસ્તૃત બન્યો છે. રોજની સંખ્યાબંધ ચેનલો ટેલિવિઝનના ટચૂકડા પડદા ઉપર વિવિધ પ્રકારના કાર્યક્રમો પ્રસારિત કરી રહી છે.

દરેક ક્ષેત્રમાં વ્યાપારીકરણ જોવા મળે છે. એક નાનકડો પરિવાર પણ એમાંથી બાકાત નથી. શું આ બધા માટે આપણે બાળકોને દોષિત ઠરાવીશું? હરગીઝ નહીં. બાળકો તો મોટેરાઓએ બનાવેલા વિશ્વમાં જીવતા હોય છે અને તેથી ઉક્ત સમસ્યાના સંદર્ભમાં વડીલોએ જ વધુ વ્યવહારુ અભિગમ અપનાવવાની જરૂર છે અને સેક્સુઆલીટી કે જાતિયતાને નવા અભિગમ અને દ્રષ્ટિકોણથી જોવાની જરૂર છે. બીજા શબ્દોમાં કહીએ તો દરેક માતા-પિતાએ પોતાના સંતાનો સાથે પ્રત્યેક નાની-મોટી બાબતમાં સંવાદનો યોગ્ય સેતુ સાધવાની આવશ્યકતા છે. સંતાનોના માતા-પિતા કે વડીલ બની રહેવાને બદલે તેમના મિત્ર બનવું એ આજના સમયનો તકાજો છે. વાય-ટુ-કે પછીના યુગમાં બાળાઓમાં પ્રવેશતી ઝડપી પુખ્તતાના પડકારનો સામનો કરવા માનસિક આરોગ્ય કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા છે.

માતા દ્વારા પુત્રીને માર્ગદર્શન

★ તમારી દીકરીને માસિક ધર્મ શું છે તેની માહિતી આગોતરી આપો. જેથી તેને માસિક ધર્મનો પ્રારંભ થાય ત્યારે તે હેબતાઇ ન જાય કે ઉંઘતી ન ઝડપાય. આ પ્રકારની માહિતી શાળામાં બાયોલોજીના શિક્ષક તરફથી મળી જશે, એવું વલણ અખત્યાર ન કરો.

★ તમારી દીકરીના માસિક ધર્મનાં પ્રારંભ થવાના એક કે બે વર્ષ પહેલા તેના સ્તનોનો વિકાસ શરૂ થશે. આ બાબત એવું સૂચવે છે કે તમારી દીકરી પુખ્તતાને સાધવા લાગી છે.

★ નાની છોકરીઓને માસિક ધર્મ અનિયમિત હોય એ સામાન્ય બાબત છે. તેથી પ્રારંભમાં ક્યારેક તે માસિક ધર્મ ચૂકી જાય તો કોઇ ભય કે શંકા રાખવી નહીં.

★ સેનીટરી પેડ્સ-નેપકીન્સનો ઉપયોગ કેવી રીતે કરવો અને તે કેવી રીતે બદલવા તે તમારી દીકરીઓને શીખવો તથા તેની પસંદગીમાં પણ સહાય કરો.

આ ઋતુમાં સુંદરતા જાળવો

આજે વાતાવરણ એટલું બધુ પ્રદુષિત બન્યુ છે કે તેની અસર આપણા શરીર ઉપર પણ પડે છે ચારે બાજુ બજારમાં અને રોડ ઉપર પેટ્રોલ અને ડીઝલના ધુમાડા નીકળતા હોય છે. એવા સમયે આપણને શુદ્ધ ઓક્સિજન પણ મળી શકતો નથી. આ પ્રદૂષણની સીધી અસર આપણા સ્વાસ્થય અને સૌંદર્ય ઉપર પડે છે. જેથી વધતી ઉંમરની અસર જલદી દેખાવા લાગે છે. જો ત્વચા લચીલી રહે તો ચહેરા ઉપર કરચલીઓ ઓછી પડે છે.

૦આ માટે ન્યુયોર્કની એનલીઝ હેગનનુ કહેવું છે કે વધતી ઉંમરની સાથે માંસપેશીઓ નબળી પડવા લાગે છે. જેને કારણે ચહેરા ઉપર કરચલીઓ પડવા લાગે છે. એ સાથે જ ત્વચાની ચમક ઓછી કરી નાખે છે. પણ ત્વચાને સુંદર અને રેશમી રાખવી હોય તો એ માટે ચોંટેલી ગંદકી અને તેલને સાફ કરવાં જરૂરી છે.

આપણી ત્વચામાં સતત નવી કોશિકાઓ ઉત્પન્ન થતી રહે છે. અને જૂની નીકળી જાય છે.

આ મૃત કોશિકાઓની અસર સફાઇ ન કરવામાં આવે તો એ રોમછિદ્રોને બંધ કરી દે છે. પરિણામે ત્વચા પર બ્લેકહેડ્ઝ અને અન્ય ડાઘ દેખાવા માંડે છે.

એનાથી ત્વચા કાળી અને મુરઝાયેલી લાગે છે, સાથે જ વધતી ઉંમરની ત્વચાની રોનક અને કસાવ બંનેને ઓછાં કરી નાખે છે. પોતાની ત્વચાને રેશમી અને સ્વસ્થ બનાવી રાખવા માટે અઠવાડિયામાં બે વાર બ્રશિંગ કરો

જેથી મૃત કોશિકાઓ નીકળી જશે અને ત્વચાના રોમરોમની સફાઇ થઇ જશે. વાસ્તવમાં આખા દિવસની દોડધામ અને વધુ કામને કારણે તમારો ઊર્જાસ્તર શૂન્ય થઇ જાય છે. આવી સ્થિતિથી બચવા માટે ડિટોક્સ અપનાવવું જરૂરી છે. ડિટોક્સ સફાઇની નવી પ્રક્રિયા છે, જેના દ્વારા શરીરની સફાઇ થાય છે, સાથે મગજ પણ તાજગીભર રહે છે.

- એ માટે સૂતા પહેલા પોતાની ત્વચા પર હળવે હાથે બ્રશ ફેરવો. ધ્યાન રાખો કે ત્વચા સૂકી હોવી જોઇએ.
- હંમેશા સ્નાન કરતા પહેલાં પોતાની ત્વચા પર બ્રશ ફેરવો. બ્રશનો પ્રારંભ પહેલાં પગથી કરો, પંજો, એડી અને પછી પગની આગળ અને પાછળ તરફ લંબાઇમાં બ્રશ ફેરવો.
- બ્રશ ફેરવવાની યોગ્ય રીત છે નીચેથી ઉપરની તરફ.
- પગ પછી પોતાનાં નિતંબો પર સારી રીતે બ્રશ ફેરવો.
- હવે હાથ અને બાંયથી બ્રશને ઉપર તરફ ફેરવતાં ફેરવતા બગલ તરફ આવો.
- પછી ખભા અને છાતીથી નીચે તરફ બ્રશ ફેરવો.
- ગળાના પાછળના ભાગે પીઠ ઉપર બ્રશ ફેરવો.
- પેટ પર બ્રશ ફેરવવાની યોગ્ય રીત એ છે કે બ્રશને ધીમે ધીમે ક્લોકવાઇઝ એટલે કે ઘડિયાળના કાંટાની દિશામાં ગોળગોળ ફેરવો.
- હવે રોઝમેરીના તેલના બે ટીપાં નાખેલાં પાણીથી સ્નાન કરો.
- એના અડધા કલાક પછી પાણીથી સ્નાન કરો.

વિશેષ સાવધાની :

- બોડી બ્રશિંગ માટે યોગ્ય પ્રકારના લુફેનો ઉપયોગ કરો. બજારમાં બ્રશિંગ માટે તુરિયાના પારંપરિક લૂફે સિવાય નાયલોનના લૂફે પણ મળી જશે.
- લૂફેનો ઉપયોગ હંમેશા પ્રેશર સાથે કરો, પણ વધુ પ્રેશર નાખવાથી ત્વચા પર કરચલીઓ પડી જાય છે.
- બોડી પેક લગાવ્યા પછી લૂફેનો ઉપયોગ કરતા પહેલાં પેકને એકવાર શાવર બાથથી ભીનો કરી લો. લૂફેથી વધુ પ્રેશર દ્વારા છોડાવવાની જરૂર નહીં રહે.

ફેશન ફંડા : ગો ગ્રીન...

નિરાંતની પળમાં આપણી પાસે લહેરાતી હરિયાળી સામે નજર કરવાની ફુરસદ જ નથી. અરે તે માટે વિચાર પણ આવતો નથી. એક તરફ ગ્લોબલ વોર્મિંગ અને બીજી તરફ સદીઓથી જે થતું આવ્યું છે તે એ જ રીતે થઇ રહ્યું છે, વાત ફેશનને સંગત છે એટલે વૃક્ષોનાં પાન ને વૃક્ષોની જાત પ્રમાણે કલર અને આકારની અગણિત વિવિધતાઓ આપણી સામે છે. અહીં વિશેષ રીતે કલર શેડઝની વાત કરવી છે.

પ્રકૃતિની આ દેનને આપણે સહજતાથી આપણા રૂટિનમાં સમાવી લઇએ છીએ... સામાન્યતઃ વાપરનારને નવા કલર્સ ગળે નથી ઊતરતા અને અખતરો કરવામાં સંકોચ હોય છે

ત્યારે યોગ્ય એવા સ્કીનટોન અને સુંદરતાની પર્યાપ્તતા હોવા છતાં બીબાઢાળ રેન્જ વાપરવાને રજૂ થાય છે. અહીં છે એક બદલાવ અને વિવિધતાની વાત. આઇલાઇનર કે આઇપેન્સિલ કોઇ પણ આંખોની સુંદરતાને વધુ વિશેષ બનાવીને રજૂ કરે છે જેની સાથે મૂળભૂત રીતે સંકળાયેલા છે. બ્લ્યુ - બ્રાઉન ને બ્લેકના શેડ્ઝ, પણ આજકાલ ઈન છે 'ગ્રીન' ના શેડ્ઝ. વિચાર ચોક્કસ આવે જ કે આપણી ત્વચાના વિવિધ શેડઝ સાથે આપણે 'ગ્રીન' કે 'બ્લ્યુ' ને જ ટાર્ગેટમાં લઇને તેનાથી દૂર રહીએ છીએ, ખાસ કરીને ગ્રીન તો ફેર સ્કીન ને જ શોભી શકે એવી માન્યતા છે. એટલે ભારતીય કોમ્પ્લેકશનવાળી ઘઉંવર્ણી યુવતી તેનો વિચાર જ ન કરે. અહીં ડાર્ક સ્કીનને મૂકી દેતા ફેર સ્કીન અને ઘઉંવર્ણી સ્કીન સાથે ગ્રીનના શેડ્ઝ મેચ કરવા જરૂરી હોય છે! આ સીઝનમાં ગ્રીન કલરને મેકઅપની મુખ્ય રેન્જ આઇલાઇનરને શેડોઝમાં અજમાવવા માટે ડાર્ક શેડઝના ગ્રીન કલરને હાઇલાઇટર અને આઉટ લાઇનમાં ઉપયોગ કરીને લાઇટ કલર્સને ફીલર્સ તરીકે વાપરવા જરૂરી હોય છે. ફ્લોરસન્ટ અને લાઇટ ગ્રીન શેડ્ઝ ફક્ત ફેર સ્કીન માટે જ હતા ને છે એમ કહી શકાય. જ્યારે ઘઉંવર્ણી સ્કીન માટે ઘેરા પણ ખુલતાં ગ્રીનના શેડ્ઝ સુંદર લાગી શકે.

કોઇક ફિલ્મી પ્રીમિયરમાં ઐશ્વર્યા નીલી આંખો સાથે ગ્રીનના શેડ્ઝનો આઇશેડો અને લાઇનર કરે ને કોઇ કોફી શોપમાં મોડી રાત્રે અસીન જેવી ઘઉંવર્ણી સ્કીનમાં પણ જરા શીમર સાથેનો ગ્રીન આઇ મેકઅપ જોવા મળે - જ્યાં એ બંને વિભિન્ન પણ બંને સુંદરતા રજૂ કરતા જ!'ગ્રીન' શેડ્ઝને વાપરવા માટે થોડીક જરૂરી એવી સેન્સ અને યોગ્યતા સાથે તમને પોતાના ચહેરા ઉપર કરવાની આવડતની જરૂર હોય છે.

વરસાદમાં ઘેરી લીલ થઇ ગઇ હોય તેવો શેડ કે કિંમતી રત્ન નીલમને જેડનાં શેડ્ઝ... કોથમીરનો લીલો કે પોપટીયો લીલો... ગ્રીનનાં કોઇપણ શેડઝને આઇશેડો કે લાઇનર ને જો શીમર સાથે લગાવવો હોય તો રાતનાં ફંકશનો જ્યાં મોડી સાંજ પછી લાઇટસ ઝળહળતી હોય અને દિવસનાં સમયે શીમર વગરના શેડ્ઝની પસંદગી કરવી. વ્યક્તિગત રીતે અને વ્યવસાયિક દરજ્જા મુજબ પણ 'ગ્રીન'ની પસંદગી થાય તો વિશેષ યોગ્ય લાગી શકે!

'ગ્રીન' માટે રેડ સિગ્નલઃ ★ કોર્પોરેટ ક્ષેત્રની મહિલાઓએ 'ગ્રીન' આઇમેકઅપ ફક્ત ઓફિસ બહાર જ કરવો રહે.

★ હંમેશાં ખરીદતી વખતે યોગ્ય રીતે એ કલરને તમારા ઉપર મૂકી લગાવીને મનથી મંજૂરીનો યોગ્ય સિક્કો મળે તો જ ખરીદવાની પહેલ કરવી.

★ ગ્રીન મેકઅપ સાથે ગ્રીન જ આઉટફીટનું ફિક્સિંગ જરૂરી નથી. યા તો અલગ અલગ શેડ સાથે અલગ ગ્રીન ચાલી શકે... પણ શ્રેષ્ઠ રીતે આઇમેકઅપના ગ્રીનને સુંદર દર્શાવવા - વ્હાઇટ, એકવાબ્લ્યુના શેડ્ઝ અને બ્લેક આઉટફીટ સાથે જ સંયોજવા. ★ 'ગ્રીન'નો અતિરેક - ગ્રીન મેકઅપ, ગ્રીન જ્વેલરી, ગ્રીન આઉટફીટ ને મેચિંગ ફૂટવેર સાથેનો ક્યારેય યોગ્યતા એ નહીં જ રજૂ કરી શકાય! ★ 'ગ્રીન' આઇમેકઅપ સાથે લીપ કલરમાં મર્યાદિતતા ચોક્કસપણે આવી જ જવાની. લીપ કલરમાં ન્યૂડ શેડ, ફક્ત લીપગ્લોસ કે હળવાથી હળવાં જેવા લાઇટ કલરનાં શેડઝની પસંદગી કરવી.

ગ્રીન સાથે...: ★ આઇશેડો કે લાઇનરના ગ્રીન શેડ સાથે ગ્રીન કાજલ આંખોને વધુ સુંદર રજૂ કરશે.

★ આઇબ્રોની છેવટની લાઇનમાં આંખોનાં પોપચા પાસેના પાર્ટમાં ડાર્કગ્રીનનો શેડ હાઇલાઇટ કરવા વાપરવો અથવા હળવા ગોલ્ડ કે સિલ્વર ને વાપરીને આઇશેડોને લાઇનર ગ્રીન કરવા.

મધુબાલાનાં જીવન પર બનશે બાયોપિક, નાની બહેને કરી જાહેરાત

(જી.એન.એસ)મુંબઇ, વીતી ગયેલાં વર્ષોની હિન્દી ફિલ્મોનાં ખૂબસૂરત અને દંતકથાસમા અભિનેત્રી મધુબાલાનાં જીવન પરથી ફિલ્મ બનાવવાની સદગત અભિનેત્રીનાં નાના બહેન મધુર બ્રિજભૂષણે જાહેરાત કરી છે.

'ધ વીનસ ઓફ ઇન્ડિયન સિનેમા' અને 'બ્યુટી વિથ ટ્રેજેડી' તરીકે પ્રખ્યાત થયેલા મધુબાલાએ 'મુગલ-એ-આઝમ', 'ચલતી કા નામ ગાડી', 'મહલ', 'હાફ-ટિકિટ' જેવી અનેક સુપરહિટ ફિલ્મોમાં પ્રશંસનીય અભિનય કર્યો હતો.

ફિલ્મના શિર્ષક અને કલાકારોની પસંદગીની વિગત બાદમાં સત્તાવાર નિવેદનમાં કરવામાં આવશે. મધુર બ્રિજમોહને કહ્યું છે કે ફિલ્મનું નિર્માણ એમનાં નિકટનાં મિત્રો કરશે.એમણે એક નિવેદનમાં કહ્યું છે કે, મધુબાલાનાં તમામ શુભચિંતકો તથા બોલીવૂડ સાથે સંકળાયેલા તમામ લોકોને મારી નમ્ર વિનંતી છે કે કૃપા કરીને મારી પરવાનગી વગર મારી બહેન મધુબાલાનાં જીવન પર આધારિત બાયોપિક કે કોઇ પણ પ્રકારની ફિલ્મ બનાવવાનો પ્રયત્ન ન કરે.

લાઠીના દુધાળા મુકામે લાલજી દાદા ઋષિ કૃષિ કેન્દ્ર-પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

વડોદરા પાલિકાના કર્મચારીઓના પગાર-પેન્શનના વહેલાં ચૂકવણી કરશે

વડોદરા,તા.૩૦

આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને કર્મચારીઓ/પેન્શનરઓને માહે ઓકટોબરનો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવા પાલિકાના તમામ ખાતાએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. જે અંગે એકાઉન્ટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. એમાં જણાવાયું છે કે,

બેન્ક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો માટે આઈ.ટી. શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મસ તા.૦૪.૧૦.૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે, પગાર પત્રકો આઈ.ટી. શાખાએથી તા.૦૮.૧૦.૨૦૨૫ના રોજ મેળવી, ઓડીટ શાખામાં તા.૧૦.૧૦.૨૦૨૫ સુધીમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ પત્રકો ઓડીટ કરાવી તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી હિસાબી શાખાએ ચુકવણા અર્થે મોકલી આપવાના રહેશે.

રોજીંદારી-ખંડ સમયના કર્મચારીઓની અને ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની તા.૨૧ સપ્ટેમ્બરથી ૮ ઓકટોબરની હાજરીની માહિતી તા.૯.૧૦.૨૦૨૫ના રોજ બપોર સુધીમાં આઇ.ટી. શાખાને મોકલી આપવાની રહેશે. જેના તૈયાર થયેલા પત્રકો તા.૧૦.૧૦.૨૦૨૫ના રોજ બપોર બાદ મેળવી ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે.

ખાતા દ્વારા જે કરાર આધારીત કે અન્ય કર્મચારીઓના પગાર મેન્યુઅલી પત્રક (ફોર્મ) ભરી ચુકવવામાં આવે છે

તેવા કર્મચારીઓની તા.૧થી ૧૦ ઓકટોબરની હાજરીની માહિતી મેન્યુઅલી પત્રક બનાવી હિસાબી શાખામાં ૧૧.૧૦.૨૦૨૫ સુધી રજુ કરી ઓડીટ શાખામાં ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે.

સુરતના અડાજણના મહિન્દ્રા શોરૂમમાં લાગી ભીષણ આગ

સુરત,તા.૩૦

સુરતના અડાજણ-પાલ ગામ વિસ્તારમાં આવેલા મહિન્દ્રા કાર શોરૂમના વર્કશોપ વિભાગમાં ગત મોડી રાત્રે અચાનક ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગમાં વર્કશોપમાં રિપેરિંગ માટે મૂકાયેલી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગવાનું મુખ્ય કારણ એક્સ્ટ્રા વાયરિંગમાં શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. આગની જાણ થતાં જ શોરૂમ અને આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો.સદનસીબે આ ઘટના મોડી રાત્રે બની હોવાથી અને સમયસર ફાયર વિભાગને જાણ થવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી અને એક મોટી દુર્ઘટના ટળી હતી.

યુકે મોકલવાના નામે દંપતીએ યુવક પાસે ૧૦ લાખ પડાવી લીધા

વડોદરા,તા.૩૦

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં વિઝા કન્સલ્ટિંગનું કામ કરતા દંપતીએ એક યુવક સાથે છેતરપિંડી કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.સમા વિસ્તારની રાંદલ ધામ સોસાયટીમાં રહેતા ભાવેશ પારેખે પોલીસને કહ્યું છે કે, મારે વર્ક પરમિટ મેળવી યુકે જવું હોય ડિસેમ્બર ૨૦૨૨માં વીઆઈપી રોડ પર આવેલા વીઆઈપી વ્યુ કોમ્પ્લેક્સમાં સાદરી ઈમિગ્રેશનના સંચાલક હાર્દિક ભરતભાઈ સોની અને તેની પત્ની શ્રેયા દિનેશભાઈ પટેલ (બંને રહે આણંદ) નો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં મને ૧૫ થી ૧૮ લાખનો ખર્ચ કીધો હતો. મેં મારા માતાના પેન્શનમાંથી લોન કરાવી હતી અને ટુકડે ટુકડે રૂપિયા ભર્યા હતા. હાર્દિકે મને મારી પત્નીના દાગીના ઉપર લોન પણ કરાવી આપી હતી. પરંતુ ત્યારબાદ તેમણે ઓફિસ બંધ કરી દીધી હતી અને પત્નીના નામે અમિત નગર બ્રિજ પાસે ફાસ્ટ ફૂડનો ધંધો શરૂ કર્યો હતો.યુવકે કહ્યું છે કે, હાર્દિક મને અમદાવાદમાં લઈ ગયો હતો અને ઈન્ટરવ્યૂ પણ અપાવ્યો હતો.

પરંતુ ત્યારબાદ મને ગોળ ગોળ જવાબ આપવામાં આવતા હતા અને ૧૦ લાખ જેટલી રકમ હજી સુધી પરત કરી નથી. જેથી પોલીસે હાર્દિક ભરતભાઈ સોની અને તેની પત્ની શ્રેયા સામે ગુનો દાખલ કર્યો છે.

વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને ૨૫ વર્ષીય યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

અમદાવાદ,તા.૩૦

શહેરમાં વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને નિખિલ રાજેશભાઈ ચંદારાણા નામના યુવકે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘટના પહેલા નિખિલે એક વીડિયો પણ ઉતાર્યો હતો અને એક સ્યુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેણે વ્યાજખોરોનો ત્રાસ અને પોલીસ કાર્યવાહી ન થવા અંગેના આક્ષેપો કર્યા છે.

નિખિલે પોતાના નિવેદનમાં જણાવ્યું કે પત્ની પ્રેગનન્ટ હોવાથી પૈસાની જરૂર પડતાં તે નયન, અજીત, હિરેન અને જયદેવ નામના શખ્સોના સંપર્કમાં આવ્યો હતો. નિખિલે આ શખ્સો પાસેથી રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે તેણે અત્યાર સુધીમાં રૂ.૭ લાખ પરત ચૂકવી દીધા છે. જોકે આટલી રકમ ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ ઉઘરાણી ચાલુ રાખી હતી. એટલું જ નહીં તેમણે દબાણ કરીને નિખિલની કાર, સ્કૂટર અને આઈફોન પડાવી લીધા હતા.

આ પછી પણ ત્રાસ ઓછો ન થતાં વ્યાજખોરોએ નિખિલ અને તેની પત્નીના ફોટા પર બિભત્સ લખાણ લખીને વાયરલ કર્યા હતા. જેનાથી તેમનું ચરિત્ર હનન થયું હતું. આ સમગ્ર ત્રાસ અંગે નિખિલે અગાઉ પોલીસ કમિશનરને અરજી કરીને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. જોકે નિખિલના આક્ષેપ મુજબ પોલીસે કોઈ ગુનો દાખલ કર્યો ન હતો. જેનાથી કંટાળીને તેણે અંતે આ આત્મઘાતી પગલું ભર્યું હતું.

લીંબડીના જાંબુ ગામે હથિયારો અને ધોકા વડે ઘરમાં બંધ પરિવાર પર હિંસક હુમલો

સુરેન્દ્રનગર,તા.૩૦

સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના જાંબુ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક પરિવાર પર કેટલાક અસામાજિક તત્વો દ્વારા હથિયારો અને ધોકા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જાંબુ ગામે કોઈક અંગત કે અન્ય કારણોસર એક ઘરમાં રહેલા લોકો પર કેટલાક હુમલાખોરો તૂટી પડ્યા હતા.હુમલો કરનારાઓએ ઘરમાં પુરાઈ રહેલા લોકોને પણ નિશાન બનાવ્યા હતા. જેના કારણે જાણે ગુનેગારોને પોલીસનો ડર ન રહ્યો હોય તેવો ઘાટ સર્જાયો હતો. આ હુમલામાં બે લોકો ઘાયલ થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તહેવારોના પવિત્ર માહોલમાં જ હુમલાની આ ઘટના બનતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા થયા છે.આ સમગ્ર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

અપહરણ કરી હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

સુરત, તા.૩૦

સુરતના ઊનમાં કરિયાણાના વેપારીના પુત્રનું અપહરણ કરી લાશના ટુકડા કર્યા બાદ થેલામાં ભરી ફેકી દેવાના કેસમાં કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. સુરત શહેરના ઉનના ભીંડી બજારમાં જગદીશચંદ્ર નારાયણલાલ તેલીનું પરિવાર રહે છે. તેઓ કરિયાણાની દુકાન ચલાવે છે. ગઈ તારીખ ૧૯-૧-૨૦૧૩ના જગદીશ ચંદ્રના ૧૯ વર્ષીય પુત્ર કમલેશનું અપહરણ થયું હતું. અપહરણકારે જગદીશચંદ્રને ફોન પર જણાવ્યું હતું કે, તુમારે લડકે કો હમને કિડનેપ કર લીયા હૈ'', સામે ''કહા સે બોલતે હો'' તેમ પુછતા તે સચિન શબ્દ બોલી અટકી ગયો હતો. એટલે તેને પૂછ્યું હતું કે ''આપ કો કયા ચાહીએ?'' તેવુ પૂછતા સામેથી હિન્દીમાં જણાવ્યું હતું કે ''મુજે દસ લાખ રૂપિયા ચાહીયે, મે જગહ કલ બતાઉંગા પોલીસ કો બતાના મત નહી તો આપ જાનો'' તેમ કહી ફોન કટ કરી દીધો હતો, ત્યારબાદ જગદીશચંદ્રએ દિકરાના ફોન ઉપર વારંવાર ફોન કરી સંપર્ક કરવા કોશિષ કરતા ફોન સ્વીચ ઓફ આવતો હતો.દીકરાના અપહરણ અંગે જગદીશચંદ્રએ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી.

પોલીસની તપાસ દરમિયાન બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી વિમલના થેલામાંથી અપહૃત કમલેશની લાશના ટુકડા મળી આવ્યા હતા. હત્યાના બનાવમાં પોલીસે આરોપી રાકેશકુમારસીંગ ઉર્ફે રાજુસીંગ ઉર્ફે સુખાડી, શ્યામલાલસીંગ કુસ્વાહ, (રહે, પાંડેસરા વડોદ ગણેશનગર શિવનગર પ્લોટ નં.૫, લાલજીવર્માના મકાનમાં, સુરત. મુળ વતન બકુઆ, થાના-રોશતાસ, પો.અમજોર, જી.રોશતાસ, બિહારને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES NOR IS IT A PROSPECTUS ANNOUNCEMENT. **NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.** INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE MAIN BOARD OF THE BSE LIMITED (**"BSE"**) AND NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED (**"NSE"**, AND TOGETHER WITH BSE, THE **"STOCK EXCHANGES"**) IN COMPLIANCE WITH CHAPTER II OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (**"SEBI ICDR REGULATIONS"**)

PUBLIC ANNOUNCEMENT

(Please scan this QR code to view the DRHP)

VNL
Vishal Nirmiti Ltd

Our Company was incorporated as a private limited company under the provisions of the Companies Act, 1956 on June 30, 1994 at Bombay, Maharashtra as "Sejal Farms Private Limited" pursuant to a certificate of incorporation issued by the Registrar of Companies, Bombay at Maharashtra. Pursuant to a special resolution passed by the board on April 06, 2004, the Company changed its name to "Vinamra Trading Company Private Limited" and a fresh Certificate of Incorporation was issued on April 13, 2004 by the Registrar of Companies, Maharashtra at Pune. Thereafter, on January 20, 2005 our Company changed its named to "Vishal Nirmiti Private Limited", and a fresh certificate of incorporation was issued on February 14, 2005 by the Registrar of Companies, Maharashtra at Pune (**"RoC"**). Subsequently, pursuant to a special resolution passed by our shareholders at an extra-ordinary general meeting held on August 20, 2025, our Company was converted from a private limited company to a public limited company and the name of our Company was changed to "Vishal Nirmiti Limited" and fresh certificate of incorporation consequent to change of name was issued by the Registrar of Companies, Central Processing Centre on September 12, 2025. For details of the changes in our name and registered office, please refer to the chapter titled *"History and Certain Corporate Matters"* of this Draft Red Herring Prospectus on page 244 of the Draft Red Herring Prospectus dated September 29, 2025 (**"DRHP"**).

Corporate Identity Number: U01122MH1994PLC185445
Registered Office: 303, 17 Elphinstone House, Marzban Road, New Empire, Cinema, Fort, Mumbai – 400001 Maharashtra, India;
Corporate Office: Suyash, S. No. 255/1 +2/2, Ashiyana Park-II, Aundh, Haveli, Pune – 411007 Maharashtra, India;
Contact Person: Suhas Ganpat Naik, Company Secretary and Compliance Officer; **Tel:** +91 20 27299911 **E-mail:** ipo@vishalnirmiti.com; **Website:** www.vishalnirmiti.com;

THE PROMOTERS OF OUR COMPANY ARE BRIJ B TAPADIYA, AJAY BHAGWANDAS TAPADIYA, PAVAN VITHALDAS TAPADIYA, AKHIL RANCHOD TAPADIYA, NAVEEN TAPADIYA, RAJENDRAKUMAR BADRINARAYAN TAPADIYA, SUYASH VITHALDAS TAPADIYA, VEDANT TAPADIYA AND KESHAV TAPADIYA

INITIAL PUBLIC OFFERING OF UPTO [●] EQUITY SHARES OF FACE VALUE ₹ 10/- EACH ("EQUITY SHARES") OF OUR COMPANY FOR CASH AT A PRICE OF ₹[●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UPTO ₹ [●] LAKHS (THE "OFFER") COMPRISING A FRESH OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE ₹ 10/- EACH AGGREGATING UP TO ₹ 12,500.00 LAKHS BY OUR COMPANY (THE "FRESH OFFER") AND AN OFFER FOR SALE OF UP TO 15,00,000 EQUITY SHARES OF FACE VALUE ₹ 10/- EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY VAMAN PRESTRESSING COMPANY PRIVATE LIMITED ("SELLING SHAREHOLDER").

THE PRICE BAND AND MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY IN CONSULTATION WITH THE BRLM AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF [●], AN ENGLISH NATIONAL DAILY NEWSPAPER WITH WIDE CIRCULATION, ALL EDITIONS OF [●], A HINDI NATIONAL DAILY NEWSPAPER WITH WIDE CIRCULATION AND ALL EDITIONS OF [●], A MARATHI NEWSPAPER WITH WIDE CIRCULATION (MARATHI BEING THE REGIONAL LANGUAGE OF MAHARASHTRA, WHERE OUR REGISTERED OFFICE IS LOCATED), EACH WITH WIDE CIRCULATION, AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/OFFER OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO BSE LIMITED ("BSE") AND NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("NSE") ('NSE' TOGETHER WITH 'BSE', THE "STOCK EXCHANGES") FOR THE PURPOSE OF UPLOADING ON THEIR RESPECTIVE WEBSITES IN ACCORDANCE WITH THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (THE "SEBI ICDR REGULATIONS").

In case of any revision to the Price Band, the Bid/Offer Period will be extended by at least three additional Working Days after such revision in the Price Band, subject to the Bid/Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company in consultation with the BRLM, for reasons to be recorded in writing, extend the Bid/Offer Period for a minimum of one Working Day, subject to the Bid/Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band and the revised Bid/Offer Period, if applicable, will be widely disseminated by notification to the Stock Exchanges, by issuing a public notice, and also by indicating the change on the website of the BRLM and at the terminals of the Syndicate Member(s) and by intimation to the Designated Intermediaries and the Sponsor Bank, as applicable.

This Offer is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended **("SCRR")**, read with Regulation 31 of the SEBI ICDR Regulations. This Offer is being made through the Book Building Process in terms of Regulation 6(1) of the SEBI ICDR Regulations, wherein not more than 50% of the Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers (**"QIBs"** and such portion, the **"QIB Portion"**). Our Company may in consultation with the BRLM, allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis (**"Anchor Investor Portion"**), of which one-third shall be reserved for domestic Mutual Funds only, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the price at which allocation is made to Anchor Investors (**"Anchor Investor Allocation Price"**), in accordance with SEBI ICDR Regulations. In the event of under-subscription, or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the Net QIB Portion. Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders, including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to QIBs. Further, not less than 15% of the Offer shall be available for allocation to Non-Institutional Bidders out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹ 2.00 lakhs and up to ₹ 10.00 lakhs; and (b) two-third of such portion shall be reserved for applicants with application size of more than ₹ 10.00 lakhs, provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of non-institutional investors*and not less than 35% of Offer shall be available for allocation to Retail Individual Bidders (**"RIBs"**) in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received from them at or above the Offer Price. All Bidders, (expect Anchor Investors), are mandatorily required to participate in the Offer through the Application Supported by Blocked Amount (**"ASBA"**) process by providing details of their respective ASBA Accounts (as defined hereinafter) including UPI ID in case of RIBs in which the Bid Amount will be blocked by the Self Certified Syndicate Banks (**"SCSBs"**) or by the Sponsor Banks under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For further details, please see the chapter titled *"Offer Procedure"* beginning on page 430 of the DRHP.

This public announcement is being made in compliance with the provisions of Regulation 26(2) of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares pursuant to the Offer and has filed the DRHP dated September 29, 2025, with the Securities and Exchange Board of India (**"SEBI"**) and with the Stock Exchanges on September 29, 2025. Pursuant to Regulation 26(1) of the SEBI ICDR Regulations, the DRHP filed with SEBI and the Stock Exchanges has been made public for comments, if any, for a period of at least 21 days from the date of such filing by hosting it on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges at, www.bseindia.com and www.nseindia.com, on the website of the Company at www.vishalnirmiti.com and on the website of the Book Running Lead Manager (**"BRLM"**), i.e. Saffron Capital Advisors Private Limited at www.saffronadvisor.com. Our Company invites the public to give their comments on the DRHP filed with SEBI and the Stock Exchanges, with respect to disclosures made in the DRHP. The members of the public are requested to send a copy of the comments to SEBI, to the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM at their respective addresses mentioned herein. All comments must be received by SEBI and/or our Company and/or the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM in relation to the Offer on or before 5.00 p.m. on the 21st day from the aforesaid date of publication of this public announcement.

Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares in the Offer are not recommended or approved by the Securities and Exchange Board of India (**"SEBI"**), nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 31 of the DRHP.

Any decision to invest in the Equity Shares described in the DRHP may only be taken after a Red Herring Prospectus (**"RHP"**) has been filed with the RoC and must be made solely on the basis of such RHP as there may be material changes in RHP from DRHP. The Equity Shares, when offered through the RHP, are proposed to be listed on the Stock Exchanges.

For details of the share capital and capital structure and the names of the signatories to the memorandum and the number of shares subscribed by them of our Company, please see the section titled ***"Capital Structure"*** on page 78 of the DRHP. The liability of the members of our Company is limited. For details of the main objects of our Company as contained in the Memorandum of Association, please see the section titled ***"History and Certain Corporate Matters"*** on page 244 of the DRHP.

BOOK RUNNING LEAD MANAGER	REGISTRAR TO THE OFFER
SAFFRON energising ideas	MUFG MUFG Intime
Saffron Capital Advisors Private Limited 605, Center Point, 6th floor, J. B. Nagar, Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400 059, Maharashtra, India. **Tel:** +91 22 4973 0394 **E-mail:** ipos@saffronadvisor.com **Website:** www.saffronadvisor.com **Investor grievance e-mail:** investorgrievance@saffronadvisor.com **Contact person:** Vipin Gupta/ Satej Darde **SEBI Registration Number:** INM000011211	**MUFG Intime India Private Limited *(formerly known as Link Intime India Private Limited)*** Address: C-101, Embassy 247, L.B.S Marg, Vikhroli (West), Mumbai - 400 083 Maharashtra, India **Tel:** +91 810 811 4949 **E-mail:** vishalnirmiti.ipo@in.mpms.mufg.com **Website:** www.in.mpms.mufg.com **Investor grievance e-mail:** vishalnirmiti.ipo@in.mpms.mufg.com **Contact person:** Shanti Gopalkrishnan **SEBI Registration Number:** INR000004058

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.

For **Vishal Nirmiti Limited**
On behalf of the Board of Directors
Sd/-
Suhas Ganpat Naik
Company Secretary and Compliance Officer

Place: Mumbai, Maharashtra
Date: September 30, 2025

Vishal Nirmiti Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 29, 2025, with SEBI and the Stock Exchanges on September 29, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.vishalnirmiti.com and on the website of the Book Running Lead Manager (**"BRLM"**), i.e. Saffron Capital Advisors Private Limited at www.saffronadvisor.com. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ***'Risk Factors'*** on page 31 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, for making investment decision.

The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) in the United States only to persons reasonably believed to be (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the Draft Red Herring Prospectus as "U.S. QIBs"), in transactions exempt or not subject to the registration requirements of the U.S. Securities Act, and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with under the U.S. Securities Act Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering in the United States.

Adfactors 471/25

PUBLIC ANNOUNCEMENT

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE SME PLATFORM OF THE STOCK EXCHANGE IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

biopol

(Please scan this QR Code to view the Draft Red Herring Prospectus)

BIOPOL CHEMICALS LIMITED

Corporate Identity Number: U20297GJ2023PLC140117

Our Company was originally incorporated on April 12, 2023 under the name *"Biopol Chemicals Private Limited"* under the provisions of the Companies Act, 2013 with the Registrar of Companies, Central Registration Centre. Subsequently, our Company acquired the sole proprietorship firm of Mr. Santanu Sarkar i.e. "M/s. United Chemical Company", pursuant to a Business Takeover Agreement dated September 25, 2023, effective from September 30, 2023. Thereafter, the status of the Company was changed to public limited Company and the name of our Company was changed to *"Biopol Chemicals Limited"* vide Special Resolution passed by the Shareholders at the Extra-Ordinary General Meeting of our Company held on February 22, 2024. The fresh certificate of incorporation consequent to conversion was issued on May 16, 2024 by Registrar of Companies, Central Registration Centre.

Registered Office: D-211, 2nd Floor, Block-D, Sumel Business Park-6 Near Dudheshwar Circle, Dudheshwar Tavdipura, Ahmedabad, Ahmedabad City, Gujarat - 380004, India.
Corporate Office: Unit No 2ES3B1, 2nd Floor, Mani Casadona Street No 372 Action Area 1, IIF Newtown Alia University, New Town North 24 Parganas, West Bengal 700156, India.
Tel: +91- 9147076778 | **E-mail:** investors@biopolchemicals.com | **Website:** https://biopolchemicals.com/
Contact Person: Ms. Deepti Nama, Company Secretary and Compliance Officer;

OUR PROMOTERS: MR. SANTANU SARKAR & MR. VEDANT SARKAR

INITIAL PUBLIC OFFER OF UPTO 33,96,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH (THE "EQUITY SHARES") OF BIOPOL CHEMICALS LIMITED ("OUR COMPANY" OR "BIOPOL" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ [●] LAKHS ("THE ISSUE"), OF WHICH UPTO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE AGGREGATING TO ₹ [●] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e., NET ISSUE OF UPTO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE AGGREGATING TO ₹ [●] LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE [●]% AND [●]% RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.THE FACE VALUE OF EQUITY SHARES IS ₹10/- EACH. THE ISSUE PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY IN CONSULTATION WITH THE BOOK RUNNING LEAD MANAGER, AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF ENGLISH NATIONAL DAILY NEWSPAPER, [●], ALL EDITIONS OF HINDI NATIONAL DAILY NEWSPAPER, [●], AND ALL EDITIONS OF THE DAILY REGIONAL NEWSPAPER, [●], (WHERE OUR REGISTERED OFFICE IS LOCATED) EACH WITH WIDE CIRCULATION, AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/ISSUE OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO EMERGE PLATFORM OF NSE ("NSE EMERGE"). FOR THE PURPOSE OF UPLOADING ON THEIR RESPECTIVE WEBSITE IN ACCORDANCE WITH THE SEBI ICDR REGULATIONS, AS AMENDED.

OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLM, MAY CONSIDER ISSUING 3,50,400 EQUITY SHARES AS A PRE-IPO PLACEMENT BY OUR COMPANY FOR AN AGGREGATE AMOUNT UP TO ₹ [●]. THE PRE-IPO PLACEMENT, IF UNDERTAKEN, WILL BE AT A PRICE TO BE DECIDED BY OUR COMPANY IN CONSULTATION WITH THE BRLM. IF THE PRE-IPO PLACEMENT IS COMPLETED, THE AMOUNT RAISED PURSUANT TO THE PRE-IPO PLACEMENT WILL BE REDUCED FROM THE FRESH ISSUE, SUBJECT TO COMPLIANCE WITH RULE 19(2)(B) OF THE SECURITIES CONTRACTS (REGULATION) RULES, 1957, AS AMENDED. THE PRE-IPO PLACEMENT, IF UNDERTAKEN, SHALL NOT EXCEED 20% OF THE SIZE OF THE FRESH ISSUE AND THE PROCEEDS OF THE PRE-IPO PLACEMENT SHALL BE UTILIZED TOWARDS GENERAL CORPORATE PURPOSES PROCEEDS. PRIOR TO THE COMPLETION OF THE ISSUE, OUR COMPANY SHALL APPROPRIATELY INTIMATE THE SUBSCRIBERS TO THE PRE-IPO PLACEMENT, PRIOR TO ALLOTMENT PURSUANT TO THE PRE-IPO PLACEMENT, THAT THERE IS NO GUARANTEE THAT OUR COMPANY MAY PROCEED WITH THE ISSUE OR THE ISSUE MAY BE SUCCESSFUL AND WILL RESULT INTO LISTING OF THE EQUITY SHARES ON THE STOCK EXCHANGES. FURTHER, RELEVANT DISCLOSURES IN RELATION TO SUCH INTIMATION TO THE SUBSCRIBERS TO THE PRE-IPO PLACEMENT (IF UNDERTAKEN) SHALL BE APPROPRIATELY MADE IN THE RELEVANT SECTIONS OF THE RED HERRING PROSPECTUS AND THE PROSPECTUS.

